શૈશવ

# વાર્ષિક અહેવાલ

૨૦૧૬-૧૭



**આ ક્ષણ....**

**આપણા બધાની-આપણે સાથે,**

**આથી અદકેરું કશું નહીં !**

માનનીયશ્રી,

બાળપણની શોધયાત્રા અવિરત ચાલી રહી છે. દિન પ્રતિદિન બાળપણ માટેના પ્રશ્નો – પડકારો વધી રહ્યાં છે. બાળક એ આ સમાજ અને સરકારની અગ્રીમતામાં ક્યારેય રહ્યું નથી તેનો સવિશેષ રંજ છે, સાથોસાથ બાળકને અગ્રીમતા મળે તે માટેના પ્રયત્નો – સહીયારા પ્રયત્નો વધુ શક્તિ સાથે કરવા રહ્યા એ પણ સમજાઈ રહ્યા છે.

૨૦૧૬-૧૭ નું વર્ષ મિશ્ર લાગણીઓનું બની રહ્યું, એક તરફ શૈશવના કાર્યોનું મૂલ્યાંકન બહારની વ્યક્તિ દ્વારા થયું અને તેનો અહેવાલ – આ યાત્રામાં સામેલ સૌના માટે આનંદ અને પ્રોત્સાહનરૂપ છે તો બીજી તરફ આર્થિક મુશ્કેલીઓ પણ વધી રહી છે. આર્થિક સહયોગ ઘટી રહ્યો છે, આગળની યાત્રા માટે મોટો પડકાર છે. જો કે શ્રધ્ધા છે કે સૌને અમૂલ્ય સહયોગ હંમેશની જેમ મળી રહેશે.

૨૦૧૬-૧૭ના વર્ષની પ્રવૃતિઓનો સંક્ષિપ્ત અહેવાલ આ સાથે રજુ કર્યો છે. આપના સૂચન – પ્રતિભાવ આવકાર્ય છે.

આભાર સહ,

આપના,

પારૂલ-ફાલ્ગુન

શૈશવ પરિવાર વતી

# વિહંગાવલોકન

શૈશવ માટે વર્ષ ૨૦૧૬-૧૭ અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યું હતું. શૈશવની પરંપરા પ્રમાણે લગભગ ચારેક વર્ષ પછી કાર્યોનું મૂલ્યાંકન યુ.કે.ના આંતરરાષ્ટ્રીય મૂલ્યાંકનકાર એમા સારટન દ્વારા સપ્ટેમ્બર' ૧૬માં કરવામાં આવ્યું હતું. સમગ્ર મૂલ્યાંકન પ્રક્રિયા બધા માટે મહત્વપૂર્ણ શિક્ષણની બની રહી હતી, ત્યારબાદ તેઓ દ્વારા રજુથયેલ મૂલ્યાંકન અહેવાલ આપણા સૌ માટે કાર્યનો સંતોષ, આનંદ અને ગૌરવ અપાવનારા છે. બાળપણની ખોજની અવિરત યાત્રા માટે પ્રેરણા અને પ્રોત્સાહનરૂપ છે. તેઓના શબ્દોમાં જોઈએ તો : ''It is not often that I am so moved by witnessing a project when evaluating change. I feel privileged to have been let into the 'Shaishav' family and been given an



extensive look at the projects work, listened to the many stories of transformational change and seen first-hand the conditions that people struggle against all day every day but that they are making a difference. This project is the embodiment of child participation and the results are incredible, in fact the 3 year project is just a part of a much bigger, wider societal change and anyone working with children and participation should look to this organisation to learn.

This experience has fundamentally shifted the way I view evaluation of projects, the capabilities of children and the ability they have to meaningfully participate. This is down to meeting the children and young people themselves and interacting with them in the most thoughtful, insightful and articulate way. Thank you.

It would also have not been such an incredible experience if it were not for three very inspiring people, Parulben, Falgunbhai and Paulaben. Thank you again. On a personal note, the evaluator underwent a profound change and shift in the way in which the evaluations are conducted and the impact of such of process on the organisations and children involved.''

આમ એક તરફ શૈશવના કાર્યનું ગૌરવ થાય તેવો મૂલ્યાંકન અહેવાલ મળે અને કાર્યનો સંતોષ મળે ત્યારે બીજી તરફ અત્યારની પરિસ્થિતિમાં અનેક કારણોને લઈને આર્થિક સહાય મેળવવી દિવસે-દિવસે મુશ્કેલ બની રહ્યું છે પરંતુ સંસ્થાને આગળની યાત્રા માટે જરૂરી આર્થિક સહાય માટે પડકાર ઉભા થઈ રહ્યાં છે, પરંતુ શ્રધ્ધા બળવત્તર છે – આપ સૌનો સહયોગ હંમેશાની જેમ મળી રહેશે.

વિકાસના અત્યારના મોડલમાં ''અર્થપૂર્ણ બાળપણ'' એ નિરંતર ખોજ બની રહ્યું છે. બાળકની સાથે સતત ચાલવાનું છે. એના દરેક પ્રકારના સંઘર્ષમાં સાથી બની રહેવાનું છે. એ મજૂરી છોડે કે ભણતો થાય, એને સલામતી મળે કે વિકાસ માટે કંઈક થાય એટલું પૂરતું નથી. બાળપણ નિર્દોષતામાં ઉછેરશે, સમૃધ્ધિ – કેવળ આર્થિક નહીં પણ મૂલ્યનિષ્ઠ જીવનની હશે તો સ્વસ્થ નાગરિક – સ્વસ્થ સમાજનું નિર્માણ થશે. આ વાતને દૃષ્ટિ સમક્ષ રાખી શૈશવના કાર્યક્રમોમાં – સમજણમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

શૈશવના કાર્યોમાં ફેરફાર થવાથી પ્રવૃત્તિઓનો વ્યાપ થોડો ઘટયો પણ ખરો, તો વળી જરૂરિયાત અને બાળકોની ઈચ્છાને ધ્યાનમાં લઈ લોકશાળા જેવા કાર્યક્રમ પુનઃ શરૂ પણ કર્યા. જ્યારે શિક્ષણ અને વિકાસની મર્યાદાઓને અનુભવીને બાળકો જ્યાં પોતે સ્વયં પોતાના જીવનની સમજણ અને વિકાસ નક્કી કરી શકે તેવી મુક્ત શાળા - ખુલ્લી શાળાની વિભાવના વિચારી તેના અનુસંધાનમાં પણ કેટલીક પૂર્વતૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શૈશવના કાર્યોના અનુભવો અન્યો સુધી પહોંચે તે માટે તાલીમના સાતત્યપૂર્ણ કાર્યોનો વ્યાપ પણ વધી રહ્યો છે.

બાલસેનાના કાર્યોની અસરકારકતાને સમજવા માટે ત્રણેક વર્ષ પહેલાં લગભગ ૨૫૦ ઉપરાંત બાળકો જેઓ નવા જોડાયેલા હોય તેઓનો પ્રી ટેસ્ટ કર્યો હતો, તેઓની સાથે આ વર્ષે ફરી પોસ્ટ ટેસ્ટ કર્યો તેના પરિણામ અત્યંત ઉત્સાહજનક મળ્યા છે ! ખરેખર તો એ બાળકોનો ટેસ્ટ ન હતો પરંતુ કાર્યકરો કેટલી અસરકારકતાથી બાળકો સાથે જોડાય છે તેનો ટેસ્ટ પણ હતો ! આ અંગેની વાત બાલસેનાના પ્રકરણમાં સામેલ કરી છે.



આ અગાઉના વર્ષે આપણે બાલસેનાના ઉપક્રમે રાષ્ટ્રીય સ્તરે જુદા-જુદા રાજ્યમાં આવેલ બાળ સંગઠનોના પ્રતિનિધિઓનું સંમેલન યોજ્યું હતું, જ્યારે આ વર્ષે બાળ અધિકાર સમૂહ - ગુજરાતના નેજા હેઠળ ગુજરાતમાં બાળકો સાથે કાર્યરત સંસ્થાના પ્રતિનિધિ બાળકોની મદદથી બાળકોના શિક્ષણ અને સલામતીના મુદ્દે કેવી સ્થિતિ છે તે અંગે 'ચાઈલ્ડ રાઈટ ઓડીટ' - ત્રણ શિબિરો તબક્કાવાર યોજાઈ હતી અને અંતે સંશોધનકર્તા બાળકોએ તારવેલા તારણો રાષ્ટ્રીય બાળ અધિકાર કમિશનના સભ્ય, ગુજરાત રાજ્ય બાળ અધિકાર કમિશનના ચેરપર્સન, તથા યુનિસેફ - ગુજરાતના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં રજુ કર્યા હતાં. આના જ ભાગરૂપે ગુજરાતના બાળ સંગઠનોની રાજ્ય સ્તરે ''ગુજરાત બાળ મંચ''ની રચના થઈ હતી ! આમ સંશોધન તથા રાજ્ય સ્તરના બાળકોના સંગઠનની રચનામાં શૈશવ અને બાલસેનાએ અગ્રેસર ભૂમિકા ભજવી હતી.

આ વર્ષે પણ દર વર્ષની જેમ બાળકોનો વેકેશન કેમ્પ ઉનાળાના વેકેશનમાં યોજાયો હતો. આ કેમ્પમાં અનેકવિધ પ્રવૃત્તિઓથઈ પણ મહત્વનું એ હતું કે કેમ્પમાં ભાગ લેવા દિશા સંસ્થા તથા સેવા-રૂરલ સંસ્થાના બાળકો આવ્યા હતા, આ બાળકોની રહેવાની વ્યવસ્થા બાલસેનાના બાળકોએ પોતાના ઘરમાં કરી 'તું અને હું દોસ્ત દે તાલ્લી'ની ભાવનાને હંમેશની જેમ સાર્થક કરી હતી. આમ આ એક પરંપરા સુંદર રીતે આગળ વધી રહી છે.

બાળકોની સલામતી અંગે ખૂબ મર્યાદિત રીતે વિચારવામાં આવે છે, પણ સલામતીનો વ્યાપક અર્થ એટલે શું ? આ અંગે બે-ત્રણ મીટીંગ - તાલીમ બાળકો સાથે લઈ અને તેમાંથી ઉદ્ભવ્યો નવત્તર કાર્યક્રમ 'ચાઈલ્ડ સેફટી ઓડીટ' - ભાવનગર શહેરના ૨૩ વિસ્તારોમાં બાલસેનાના બાળકો, કાર્યકરો અને વાલીઓએ સાથે મળીને પદયાત્રા કરી. બાળકોને ક્યાં ક્યાં જોખમ જણાય છે, ડર લાગે છે તે બધું જ બાળકોએ બતાવ્યું એટલું જ નહીં તેના નકશા બનાવ્યા, અને આ પડકારોને પહોંચી વળવા એકશન પ્લાન પણ બનાવ્યા. ઉચ્ચ સત્તાવાળાઓની સાથે મીટીંગ યોજી રજૂઆત કરી હતી. આમ બાળકો પોતાના જીવનને સ્પર્શતી બાબતોથી જાગૃત થઈ રહ્યા છે.

આ વર્ષે તરૂણસેના દ્વારા બાળકો અને તરૂણોને ધ્યાનમાં રાખી બીજું કમ્પ્યુટર સેન્ટર સરદારનગરમાં શરૂ કર્યુ પરંતુ અત્યંત ઓછા પ્રમાણમાં બાળકોએ તેમાં જોડાયા હતાં, પરિણામે આ કેન્દ્ર બંધ કર્યુ, પણ સાથોસાથ કુંભારવાડા વિસ્તારમાં ચાલતા એરીયા રીસોર્સ સેન્ટર - કમ્પ્યુટર સેન્ટરમાં નવા અભ્યાસક્રમ ઉપરાંત નાનકડી સ્ટેશનરી શોપ અને કોપી - પ્રિન્ટીંગની

વ્યવસ્થા, સરકારી યોજના કે નોકરી કે અન્ય બાબતો અંગેના ઓનલાઈન ફોર્મ ભરવા, ડાઉનલોડ કરવા વગેરેની સેવાઓ પણ શરૂ કરવામાં આવી અને તેનો લાભ બાળકો, તરૂણો તથા વિસ્તારના લોકો લઈ રહ્યા છે.

શૈશવના કાર્યોને જાણવા-સમજવા માટે દેશ-વિદેશના વોલન્ટીયર આપણે ત્યાં જોડાતા હોય છે. અમેરિકન ઈન્ડીયા ફાઉન્ડેશનના બે ફેલો પણ દસ મહિના માટે જોડાયા છે. આ વર્ષે અમેરિકન ઈન્ડીયા ફાઉન્ડેશનની ગુજરાતની પાર્ટનર સંસ્થાઓ સાથે જુદા-જુદા તબક્કે બાળ સુરક્ષાની વ્યાપકતા, કાયદાઓ તથા વ્યવસ્થા તંત્રો અંગેની તાલીમો પણ યોજવામાં આવી હતી.

રાઈટ ટુ એજ્યુકેશન ફોરમ, બાળ મજૂરી વિરોધ ઝુંબેશ કે સાર્ક દેશોના બાળ સુરક્ષા અંગે ગઠિત થયેલ **NACG** સંગઠનમાં પણ ગ્રાસરૂટના અનુભવોને રાષ્ટ્રીય સ્તરે જોડવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

આ વર્ષે એક વિશેષ પહેલ પણ કરવામાં આવી. શૈશવમાં જેમ બાળકોનું સંગઠન-બાલસેના કાર્યરત છે, તેવી જ રીતે દેશમાં અલગ-અલગ રાજ્યોમાં પણ આ રીતે સંસ્થાઓની પ્રેરણાથી બાળકોના સંગઠનોની રચના થઈ છે અને સુંદર કાર્યો થઈ રહ્યા છે. આ બાળ સંગઠનો કેવી રીતે શરૂ થયા ! બાળકોની સહભાગિતા અને નેતૃત્વ કેવા છે ? તેઓના મૂલ્ય, વિચારધારા, કાર્યો-પ્રવૃતિઓ કેવી છે ? આવા મુદ્દાઓને લઈને તેઓ એકબીજાની નિકટ આવે, એકમેક પાસેથી શીખે તે માટે શૈશવ અગ્રેસર નેતૃત્વ લઈ 'નેશનલ ફોરમ ફોર રાઈટ ટુ પાર્ટીસીપેશન' શરૂ કરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી પણ સાથોસાથ પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, દિલ્હી, કર્ણાટક, તામિલનાડુ, ઉતરાખંડ, મહારાષ્ટ્ર જેવા આઠેક રાજ્યોમાં કાર્યરત બાળ સંગઠનોની મુલાકાત લઈ વિશેષ ડોકયુમેન્ટ - પુસ્તક તૈયાર કરવાનું કાર્ય હાથ ધર્યુ હતું. પ્રવાસ અને ફિલ્ડવર્કનું કાર્ય પૂરૂ થયું છે. હાલમાં તેનું લેખન કાર્ય ચાલી રહ્યું છે, જેને ટૂંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.



'ધ ઈન્ટરનેશનલ એકસચેન્જ'-યુકે દ્વારા કમ્યુનિકેશન ક્ષેત્રના નિષ્ણાંતોને વોલન્ટીયર તરીકે પસંદ કરી સામાજિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને મદદ કરવા મોકલતા હોય છે. વિશ્વના સાતેક દેશોમાં એડવટાઈઝીંગ એજન્સી ધરાવતી બી.બી.એચ કંપનીમાં કાર્યરત એમા જહોનસનને પણ સામાજિક કાર્યમાં રસ અને વિશેષ કરીને બાળકોમાં ! શૈશવ સંસ્થાની પસંદગી કરી, એક મહિના માટે ભાવનગર આવ્યા.

શૈશવમાં આવવાનું કેવી રીતે નક્કી કર્યુ ? આ પ્રશ્નના જવાબમાં એમાના કહેવા પ્રમાણે : ''મેં બીજી સંસ્થાઓના કાર્યોની વિગતો પણ તપાસી હતી પરંતુ શૈશવનો લર્નીંગ ડોક્યુમેન્ટ વાંચ્યો, કાર્ય ખૂબ ગમ્યુ. તેમાં પણ વિશેષ તો એ એક વાત કે ''બાળકો મજૂરી છોડી ભણતા થાય ત્યાં કાર્યપૂરૂ થતું નથી પણ બાળક નાગરિક-સજ્જ નાગરિક બને તે માટેના પ્રયત્નોની વાત મને ખૂબ સ્પર્શી ગઈ ને મેં અહીં આવવાનું નક્કી કર્યુ !''

એમાએ અહિંયા આવતા પહેલાં શૈશવનું તમામ સાહિત્ય વાંચી લીધું. એક મહિનામાં કમ્યુનિકેશન અંગે શું કરી શકાય તેની રૂપરેખા તૈયાર કરી. આવતા અગાઉ સતત ફોન કરી કાર્ય નક્કી કર્યુ. એમાએ શૈશવ અંગે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાનું વિચારેલું. પૈસાનું શું ? શૈશવમાં પણ આ માટે કોઈ વિશેષ ફંડ ન હતું. તેમજ હાલના કાર્યમાં પણ નાણાંકીય ખેંચ... શું કરવું ? બી.બી.એચ.ની લંડન ઓફિસમાં વાત કરી, નાનકડું ગેટ ટુ ગેધર કરી ત્રણેક લાખ રૂા. એકત્ર કર્યા ! ડોક્યુમેન્ટરી ફિલ્મોના ક્ષેત્રે મોટું નામ ગણતા સેમ સ્ટીકલેન્ડને વાત કરી, વિશ્વના જુદા-જુદા સામિયકોમાં લેખ લખતાં અને પ્રસિધ્ધ ફોટોગ્રાફર એડ્રીન ફીસ્ક સાથે વાત કરી ! બન્ને વોલન્ટરી મદદ કરવા તૈયાર થયા ! ત્રણેયની આવવા-જવાની ટીકીટ, રહેવાનો ખર્ચ બધુ તેઓએ ભોગવ્યુ ! સેમની રોજની ફી રૂા. ૧૦ લાખ અને એડ્રીનની રોજનો રૂા. ત્રણ લાખની ફી ! પણ બાળકોનું કાર્ય એટલે તેઓએ પોતાની પ્રોફેશનલ ફી ન લીધી !

એક અઠવાડીયા માટે સેમ અને એડ્રીન આવ્યા તે પહેલાં એમાએ શૈશવની ટીમની મદદથી ગ્રાઉન્ડવર્ક તૈયાર રાખ્યું હતું.... વિસ્તારોમાં જઈ શૂટીંગ કર્યુ... વેબ સાઈટની નવી ડીઝાઈન તેમજ બ્રાન્ડ ગાઈડલાઈન તૈયાર કરી ! જોતજોતામાં મહિનો પૂરો થઈ ગયો. એમા શૈશવ પરિવારનો હિસ્સો બની ગઈ ! હાલમાં ફિલ્મનું એડીટીંગ અને ફાઈનલ કાર્ય લંડનમાં ચાલી રહ્યું છે. એમા, સેમ અને એડ્રીન પ્રત્યે ઋણસ્વીકાર સાથે તેઓની આ સેવાઓ શૈશવના કાર્યમાં પ્રેરણારૂપ છે.

આપણા સાથી મિત્ર વિપુલભાઈની સંસ્થા આધાર દ્વારા દાહોદ જિલ્લાના છેવાડાના ૫ ગામોમાં બાળકો સાથે બાળ અધિકાર - શિક્ષણ અને વિકાસનું કાર્ય બે એક વર્ષથી શરૂ કરવામાં આવ્યું છે તેમાં શરૂઆતથી શૈશવ દ્વારા સાતત્યપૂર્ણ સહયોગ પ્રવૃતિઓ અને તાલીમ માટે પૂરો પાડવામાં આવી રહ્યો છે તેનો આનંદ છે.

અંતે પણ વિશેષ અમારા આશ્ચર્ય વચ્ચે આપણા બાલદોસ્ત શ્રી મનસુખભાઈ સલ્લાનો શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન વતી ફોન આવ્યોઃ ''આપણા હિમાંશીબહેન શેલતને સાહિત્ય એવોર્ડ આપવામાં આવી રહ્યો છે. પરતું તેના ભાગરૂપે રૂા. ૧ લાખની પુરસ્કારની રકમ તેઓએ સ્વીકારવાના બદલે શૈશવ સંસ્થાને આપવા જણાવ્યું છે! તમારે એનો સ્વીકાર કરવાનો છે.'' આશ્ચર્ય અને આનંદ ! પૂ. હિમાંશીબહેનનું ઋણ સ્વીકારીએ એટલું ઓછું ! અમને તો ખબર જ નહીં, પણ તેઓનો પ્રેમ અને સહયોગ હંમેશા અમારે મારે પ્રેરણારૂપ બની રહ્યાં છે. દર્શક ફાઉન્ડેશનના પણ વિશેષ આભારી છીએ... બાળકો સાથે ચાલવામાં આ આશીર્વાદ અને શુભેચ્છાઓ આપણી શ્રધ્ધાને વિશેષ મજબૂત કરી રહ્યાં છે.



# કમ્યુનીટી પ્રોગ્રામ




૨૦૧૬-૧૭નું વર્ષ કમ્યુનીટી પ્રોગ્રામના જુદા-જુદા કાર્યોના અનુસંધાનમાં વિશેષ મહત્વનું બની રહ્યું હતું. ગત વર્ષની જેમ વિસ્તારોમાં, દરેક ઘરોની મુલાકાતો દ્વારા બાળકો આંગણવાડીમાં દાખલ થાય, ત્યાં ટકી રહે, શાળામાં દાખલ થાય, આગળ અભ્યાસ ચાલુ રાખે, શાળા છોડી ન દે તેમજ ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોમાં મજૂરીનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું રહે તે માટે સતત પ્રયત્નો કરતા રહેવામાં આવ્યા હતાં. આ માટે કુટુંબ મુલાકાત, ફળિયા મીટીંગ, લોક સમર્થન મંચ મીટીંગ કે વોર્ડ કમિટિ મીટીંગ થી લઈને શેરી નાટક, ઝુંબેશ - અભિયાન જેવા માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સાતત્યપૂર્ણ રીતે ઘરે - ઘરે જઈને ફોલોઅપ કરવાના પરિણામે ત્રણ વર્ષ પૂર્વે કરેલ સર્વેના પરિણામોમાં અમને પ્રોત્સાહીત કરે તેવા પરિણામ મળ્યા હતાં. ત્રણેક વર્ષ પૂર્વે શહેરના ૨૦ વિસ્તારોમાં બાળકોની સ્થિતિ અંગે ૩ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકોનો સર્વે કર્યો હતો. બેઝલાઈનના તારણો સામે ત્રણ વર્ષ પછીના તારણો સરખાવતા માર્ચ' ૨૦૧૭ સુધીમાં ૯૪% બાળકો આંગણવાડીમાં જતા થયા છે, જ્યારે પ્રાથમિક શાળામાં ભણતા ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોનું પ્રમાણ ૮૦ % થી ૯૬ % સુધી પહોંચ્યું હતું, જ્યારે માધ્યમિક શાળામાં આગળના અભ્યાસના અનેક પડકારો હોવા છતાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોનું પ્રમાણ ૩૩ % થી ૫૧ % સુધી વધ્યું હતું. જો કે આ પૂરતું નથી પણ અનેક પરિબળો અને કારણો વ્યાપક છે. આમ આ પડકાર તો છે જ !

આ વર્ષે ૨૬૧ બાળકોએ આંગણવાડીમાં તથા ૮૦૯ બાળકો ધોરણ -૧માં દાખલ થવામાં મદદરૂપ થયા હતાં, જ્યારે કુટુંબીજનો અને બાળકો સાથે સતત ફોલોઅપ કરતા રહેવાને લીધે ૮૬ બાળકોએ મજૂરી છોડી અને ભણવા માટે તૈયાર થયા હતાં. આ ઉપરાંત વિસ્તારના અનેકવિધ પ્રશ્નો જેવા કે પાણીની લાઈન, ગટર તથા સફાઈ, વ્યસનનું પ્રમાણ કે પછી સ્ટ્રીટ લાઈટ કે

સલામતીના પ્રશ્નો અંગે પણ લોકોની સાથે રહી કાર્ય કરતા રહેવાને લીધે લોક નેતૃત્વ હેઠળ જુદા-જુદા વિસ્તારના કેટલાક લાંબાગાળાના પ્રશ્નોનો પણ ઉકેલ આવ્યો છે.

કુંભારવાડા વિસ્તારમાં સરકારી માધ્યમિક શાળા મંજૂર થઈ અને શરૂ પણ થઈ, પરંતુ તેના કાયમીકરણ માટે જમીનની ફાળવણી થઈ હોવા છતાં હજુ મકાન બનાવવાનો પ્રશ્ન ઉભો જ છે. આ અંગે પણ લોકોને સાથે રાખી ફોલોઅપ કરી રહ્યા છીએ.



આ ઉપરાંત બાળકોની જરૂરિયાત અને ઈચ્છાને તથા શિક્ષણના ગુણવતાના પ્રશ્નોને ધ્યાનમાં લઈ અને એક નૂતન પ્રયોગ પણ હાથધર્યો : લોકોની શાળા લોકોના હાથમાં ! આગાઉ નાનો પ્રયોગ કર્યો હતો પરંતુ તેને ફરીથી શરૂ કર્યો. પોતાના બાળકો માટે લોકો પોતે જ જવાબદારી અને નેતૃત્વ લે તેવા હેતુથી લોકોના સંચાલનમાં લોકશાળા એટલે કે ટ્યુટોરિયલ વર્ગો શરૂ કર્યા, પણ એ પરંપરાગત સ્વરૂપના નથી ! શિક્ષણના માધ્યમથી લોક સહભાગિતા, બાળકોની સહભાગિતાના મુદ્દા ઉપરાંત વિકાસ અને ઘડત્તરની પ્રક્રિયા-પ્રવૃતિ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શરૂઆતના ૬ મહિનાના પરિણામો ઉત્સાહજનક છે ! બે વિસ્તારમાં શરૂ કરેલ લોકશાળામાં ૨૦૦ ઉપરાંત બાળકો નિયમિત અભ્યાસ માટે આવી રહ્યા છે.

- બાળ મજૂરી વિરોધી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી ૩૦ એપ્રિલ તથા ૧૨ જૂનના રોજ કરવામાં આવી હતી તેના જનજાગૃતિ કાર્યક્રમમાં ૨૧૧૦ લોકો જોડાયા હતાં.
- બાળકોની સુરક્ષા પ્રત્યે લોકો જાગૃત થાય તથા તેના વ્યાપક પ્રશ્નો અંગે માહિતગાર થાય તે માટે વિસ્તારોમાં બાળકોની સહભાગિતા સાથે વિસ્તારના લોકોની સંયુકત બાળ સુરક્ષા સમિતિઓની રચના કરવામાં આવી છે અને ૨૬ મીટીંગ યોજવામાં આવી હતી.
- મજૂરી કરતા બાળકો સાથે મજૂરીથી થતાં શોષણ, અત્યાચાર કે કામના લાંબા કલાકો તથા ભણવા – રમવાના મુદ્દાઓને લઈને બે દિવસના બે શિબિરો મે અને જુલાઈ મહિનામાં યોજવામાં આવ્યા હતાં, જેમાં ૧૧૯ બાળકો સહભાગી થયા હતાં.
- વિસ્તારોમાં કાર્યરત લોક સમર્થન મંચ, લોકશાળા સમિતિ વગેરેની કુલ ૩૯૧ મીટીંગો યોજાઈ હતી જેમાં ૬૪૩ લોકો સક્રિય રીતે સમય આપી રહ્યા છે.
- લોકશાળામાં ચાલતા બાળકોના ૧૦ પ્રવાસ અને તાલીમો તેમજ ૧૦ ફિલ્મ શો યોજવામાં આવ્યા હતાં.
- લોક સમર્થન મંચની કુલ ૩૪ મીટીંગ યોજાઈ હતી.
- શાળા વ્યવસ્થાપન સમિતિ તથા બાળ સુરક્ષા સમિતિની ૩ મીટીંગ – તાલીમ યોજાઈ હતી.
- લોકશાળા સમિતિની ૫ મીટીંગ યોજાઈ હતી.
- લોકશાળામાં વિવિધ વિષયોને લઈને ૪ બાળમેળા યોજવામાં આવ્યા હતાં.
- લોકશાળાના બાળકોને ૬ મહિના દરમ્યાન સુરક્ષા, બાળ અધિકાર તથા બચત પ્રવૃતિ અંગેની ૬ તાલીમ યોજી હતી.
- લોકશાળા પર બાળકોની અભિવ્યક્તિ માટે ૬ બાળ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# બાલસેના

### જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો !

લોકશાળામાં એ બાળક ૬ઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે. ખૂબ તોફાની, અત્યંત ચંચળ, નાની વયે પણ જુગાર રમે ! ગુટકા ખાય ! અન્ય બાળકો પણ તેનાથી ડરે ! સોબતની અસર ભારે. કાર્યકરો પણ થાકયા હતાં ! એકવાર બધા બાળકોએ ત્રાસીને અલ્ટીમેટમ આપ્યું : ''એ તો હવે લોકશાળા કે બાલસેનામાં કયાંય ન જોઈએ !'' કાર્યકરો મૂંઝાયા. શું કરીએ ? જો આવવાની મનાઈ કરી દઈએ તો તે જે રસ્તે ચાલી રહ્યો છે તેના પર જ એ ચાલવાનો છે જે અંધકારમય છે ! સમજાવટથી પણ ઉકેલ આવ્યો નથી, એમાંથી જ વિચાર આવ્યો. કેટલાક બાળકોને સમજાવ્યા અને કાર્યકરોએ બાળકમાં પરિવર્તન માટેનું આયોજન કરી દિધું ! સરળ પણ અસર કારક... હવેથી એ બાળકને એકલો નહીં મૂકવાનો... પેલા બાળકો તેની આગળ પાછળ... અને વાતો ભણવાની – આગળ વધવાની – જીવનમાં કંઈક કરી બતાવવાની ! બીજી તરફ તેને લીડર શીપ આપવાની, જવાબદારી સોંપવાની આમ ચાલ્યું... બાલસેનામાં તેની હાજરી નિયમિત થવા માંડી ! એને કંઈક કહીએ તો તેનો પ્રતિભાવ હવે શાંતિથી આપે ! બીજા બાળકોના પ્રશ્ન હોય તો આ બંદા એ બધાને પણ સમજાવે ! બચતબેંકમાં સભ્ય થયો, પૈસા બચાવવાના શરૂ કર્યા ! જુગારની લત છૂટી ! બાળકો પણ હવે કહેવા લાગ્યા : ''એ તો હવે બાલસેનામાં જોઈએ જ ! એને કાઢવાનો નહીં !''

બાળકના વાંધાજનક વર્તનને ધ્યાનમાં લઈ તેનામાં રહેલી સારપ પર શ્રધ્ધા રાખી, બધાને સાથે જોડીએ તો પરિવર્તન શકય છે ! એક બાળકની જિંદગી બચી ગઈ ! આનું નામ જ તો બાલસેના છે. આપણે એકમેકને સાચવી લઈએ, હૂંફ આપીએ, પ્રેમ આપીએ... પછી તો !!!

આ બાલસેના એકમેકને સાચવતા, મિત્ર બની આગળ વધતા બાળકોનું પોતાનું પ્લેટફોર્મ. જોતજોતમાં આ પ્રવૃતિ – પ્રક્રિયાના ૧૪ વર્ષ વીતી ગયાં. બાળકોની પોતાની સ્વયં સાતત્યપૂર્ણ યાત્રા અનેક પડકારો અને મુશ્કેલીઓની વચ્ચે ચાલી રહી છે.

૨૦૧૬–૧૭ ના વર્ષ દરમ્યાનની મુખ્ય કામગીરી આ પ્રમાણે છે.

### વેકેશન શિબિર



દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળુ વેકેશન શિબિર બાલસેનાના બાળકો માટે ૧૧ થી ૨૧ મે' દરમ્યાન ત્રણ સ્થળો પર યોજવામાં આવી હતી. આ વર્ષે પર્યાવરણના મુદ્દાને લઈને બાળકોમાં જાગૃતિ આવે તેમજ નકામી વસ્તુઓ ખાસ કરીને પ્લાસ્ટીકનો પુનઃ ઉપયોગ કેવી રીતે થઈ શકે તેને લઈને પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્વામિનારાયણ ગુરુકુળના શિક્ષક અને બાલદોસ્ત શ્રી રાજેશભાઈ ત્રિવેદીએ તજજ્ઞ તરીકે વિશેષ સેવાઓ આપી હતી.

શિબિરમાં ઉપસ્થિત બાળકો સવારે મેદાની રમતો માણ્યા પછી પ્રવૃત્તિઓમાં જોડાતા હતાં, તેમજ બપોરે સમયે પર્યાવરણના મુદ્દાઓને લગતી શૈક્ષણિક ફિલ્મો ઉપરાંત પુસ્તક પ્રત્યે પ્રીતી ઉભી થાય તે માટે ગાંધીસ્મૃતિ તથા બાર્ટન લાયબ્રેરી, વિખ્યાત લોકમિલાપ પુસ્તક ભંડારની મુલાકાતો ગોઠવવામાં આવી હતી. આ વેકેશન શિબિરમાં ૧૭૯ કિશોરો તથા ૧૨૪ કિશોરીઓ મળી ૩૦૩ સભ્યોએ ભાગ લીધો હતો.

**પ્રેરણાત્મક**

આ બાળકોએ લોકમિલાપની મુલાકાત યોજી તેના ફોટા લોકમિલાપના ફેસબુક પેજ પર આવતા એક પુસ્તક પ્રેમીએ લોકમિલાપમાં ફોન કરી બાળકોને પોતાના તરફથી પુસ્તક ભેટ આપવા જણાવતાં.... તમામ બાળકોને ગિજુભાઈની બાળવાર્તાઓ પુસ્તિકા ભેટમાં મળી હતી.

વેકેશન શિબિરની પૂર્ણાહૂતિ તા.૧૯ જુનના રોજ થઈ હતી, જેમાં બાલસેનાના સક્રિય બાળકોની ટીમે નેતૃત્ત્વ લઈ સંચાલનની જવાબદારી નિભાવી હતી, અને ૨૨ વિસ્તારના બાળકોએ સુંદર કૃતિઓ રજુ કરી હતી. આ પ્રસંગે કુલ ૨૫૩ બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## બાળ નેતૃત્ત્વ તાલીમ શિબિરો



- ઉનાળુ વેકેશન દરમ્યાન ૧૪-૧૫ મે, ૨૧-૨૨ મે, ૨૮-૨૯ મે તથા ૨૫-૨૬ જુનના રોજ બાળકો સાથે નિવાસી શિબિરો યોજવામાં આવી હતી, જેમાં નેતૃત્ત્વ, ટીમવર્ક અને આયોજન અંગેની તાલીમો યોજવામાં આવી હતી, આ ઉપરાંત બાલસેનાનો ઈતિહાસ - ક્યારે શરૂ થઈ, કેવા કાર્યક્રમો, અનુભવો, સિધ્ધિઓ અને મર્યાદાઓ વગેરેને લઈને બાળકોને વાત કરવામાં આવી હતી, જેથી દરેક બાળકોને બાલસેના વિષે પૂરી જાણકારી હોય. આ શિબિરમાં બાલસેનાના જુદા-જુદા વિસ્તારના ૧૫૦ સક્રિય બાળકો જોડાયા હતાં.
- ૨૪-૨૫ જુલાઈના રોજ બાલસેનાના સક્રિય બાળકો સાથે દસ્તાવેજીકરણ અંગેની તાલીમ શિબિર યોજાઈ હતી, જેમાં ૨૭ બાળકોએ ભાગ લીધો હતો.
- બાળ અધિકાર સમૂહ - ગુજરાતના ઉપક્રમે અમદાવાદમાં તા. ૫ થી ૭ મે' ૨૦૧૬ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ ખાતે ચાઈલ્ડ રાઈટ ઓડીટ કાર્યક્રમનો બીજા તબક્કાની તાલીમ યોજાઈ હતી. અગાઉ નવેમ્બર' ૨૦૧૫માં યોજાયેલ તાલીમ દ્વારા બાળકોએ સંશોધન કરવાના ટુલ્સ વિકસાવી તેના આધારે પોતાના ફિલ્ડ વિસ્તારોમાં જઈને ડેટા કલેકશન કર્યા હતાં. આ ડેટા કલેકશનનું નિશ્લેષણ કેવી રીતે કરવું તે અંગેની તાલીમ બીજા તબક્કામાં યોજાઈ હતી, જેમાં શૈશવના ૪ કાર્યકર ભાઈ-બહેનો સાથે બાલસેનાના આઠ બાળકોએ ભાગ લીધો હતો. આમ આ બાળકોએ ભાવનગરના ૧૨ વિસ્તારના ૬૦૮૯ બાળકો / વાલીઓનો સર્વે કર્યો હતો. ત્રીજા તબક્કાની તાલીમ તા. ૩ થી ૭ ઓગષ્ટ દરમ્યાન અમદાવાદમાં યોજાઈ હતી, જેમાં બાળકોએ કરેલ વિશ્લેષણના આધારે તારણો તથા કયા મુદાઓ વિશેષ પ્રાથમિકતા માંગી લે તેવા છે તેની ચર્ચા દ્વારા પોતાના મત વ્યકત કર્યા હતાં. આ તારણોને આધારે ગુજરાતનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.
- બાલસેનાના બાળકોએ જવાબદાર નાગરિક તરીકે પણ પોતાની સમજ, જવાબદારી, વર્તન-વ્યવહાર અંગે પણ સભાનપણે જાગૃતિ કેળવી સમાજોપયોગી કાર્યો પણ હાથધરતા હોય છે.

(૧) ગમે ત્યાં કચરો નાંખવો નહીં - જવાબદારી નિભાવવી

(૨) વાલીઓ પોતાના બાળકોને મજૂરી ના કરાવે તેમજ બાળ લગ્ન ન કરાવે તે અંગ વાલીઓ તથા બાળકો વચ્ચે જાગૃતિ ઝુંબેશ ઘર-ઘરની મુલાકાત દ્વારા શરૂ કરી હતી, પરિણામે વિસ્તારના ૪૩૩ વયસ્કો તથા ૧૭૫૦ બાળકોએ સંકલ્પ લઈ સંમતિની સહીઓ કહી હતી, આમ અત્યાર સુધીમાં કુલ ૫૫૯૮ વ્યક્તિ / બાળકોની સહીઓ કરાવવામાં આવી છે. આ કાર્ય હાલ ચાલી રહ્યું છે અને બાલસેનાના ૨૮૬ ઉપરાંત બાળકો આ ઝુંબેશમાં સક્રિય રીતે જોડાયેલા છે.

**બાલસેનામાં બાળકોની સમજઃ**

- બાલસેનામાં જોડાતા બાળકોની બાળ અધિકાર, સહભાગિતાનો અધિકાર, સલામતી અને સુરક્ષા વગેરે મુદ્દાઓ અંગેની સમજણ કેટલી વિકસી, તેઓની ભાગીદારી કેટલી વધી વગેરે બાબતોને સમજવા માટે ત્રણેક વર્ષ પૂર્વે નવા જોડાયેલા બાળકોનો પ્રીટેસ્ટ કર્યો હતો. આ વર્ષે તેઓનાની સમજણમાં અથવા કાર્યની અસરકારકતા કેટલી વધી છે તે જાણવા માટે એ જ બાળકો સાથે પોસ્ટ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેના પરિણામો ઉત્સાહજનક હતાં. આ મૂલ્યાંકન પરંપરાગત રીતે કરવાના બદલે પોટસ એન્ડ બોન્સ પ્રવૃતિના માધ્યમથી કર્યુ હતું.

બાલસેનાના ૮૩ % બાળકોને શૈશવમાં અન્ય કરતાં વધુ સલામતી અને બાળક પ્રત્યેની સંવેદનશીલતા અનુભવવા મળે છે. ૮૨ % બાળકોને લાગે છે કે શૈશવમાં બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ છે. ૮૧ % બાળકોને લાગે છે કે અહિંયા જવાબદેહિતા છે. ૮૦ % બાળકોના મત મુજબ આધારભૂત તાલીમ પ્રાપ્ત થાય છે. ૭૮ % બાળકોને લાગે છે કે કાર્ય કે કાર્યક્રમમાં દરેકની સામેલગીરી હોય છે. ૭૫ % બાળકોને લાગે છે કે તાલીમ કે અન્ય પ્રવૃતિઓ તેઓને સુસંગત હોય છે.

આમ પ્રવૃતિમાં સહભાગિ થતાં બાળકો શૈશવ અંગે શું માની રહયા છે.તેનો અભ્યાસ બાળકો પ્રતિ આપણી પ્રતિબધ્ધતાને પ્રોત્સાહીત કરનાર બની રહયો હતો.

**શિક્ષણ અંગે બાળકોનો હકારાત્મક અભિગમઃ**



બાલસેનામાં જોડાયા પછી બાળકોમાં શિક્ષણ પ્રત્યે હકારાત્મક અભિગમ વિકસતો રહ્યો છે. સામાન્ય રીતે ધો. ૮ પુરૂ કર્યા પછી ઘણાં બધા બાળકો આગળ ભણવાનું વિવિધ કારણોથી છોડતા હોય છે.એમાંય ખાસ કરીને છોકરીઓનું પ્રમાણ વધારે હોય છે પરંતુ બાલસેનામાં જોડાયેલ બાળકો આગળ અભ્યાસ ચાલુ રાખતા હોય છે. આ વર્ષે જે બાળકોએ ધો. ૮ પૂરૂ કર્યુ તે બધા જ બાળકો ધો. ૯ માં પ્રવેશ મેળવી આગળ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. આમ બાલસેનાનું પ્લેટફોર્મ બાળકોને ૧૦૦ % અભ્યાસ ચાલુ રાખવા પ્રેરણારૂપ બનતું હોય છે. એ પ્રમાણે બાલસેનામાં જોડાયેલા કુલ ૧૪૮૭ બાળકો પૈકીના માત્ર ૧૨ બાળકો મજૂરી સાથે જોડાયેલા છે, એટલે કે બાળકો યોગ્ય અને સારો વિકલ્પ મળતાં મજૂરી છોડી શિક્ષણ તરફ વળી જાય છે. જ્યારે બાલસેનામાં યોજાતી વિવિધ તાલીમોને

કારણે બાળકોમાં બાળલગ્નનું પ્રમાણ સાવ જ નહીવત્ છે. આ માટે બાળકો અને વાલીઓને સાથે સતત ફોલોઅપ અને ઝુંબેશ કરવાના લીધે માત્ર ૨ બાળકોની સગાઈ થઈ છે પણ લગ્ન કર્યા નથી. આમ બાલસેના બાળકોના વિકાસમાં અમૂલ્ય ફાળો આપે છે. બાળકો જ બાળકોના સાથીદાર બની એકબીજાને ટેકો આપી રહ્યા છે. આમ આ સામાજિક પરિવર્તન આપણા સૌ માટે સંતોષ અને ગૌરવરૂપ છે.

સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ તબક્કામાં બાળકોએ સફાઈ અને પર્યાવરણ જાગૃતિ માટે, બાળલગ્ન તથા બાળ મજૂરી નહીં કરવા અંગે તથા વ્યસનમુક્તિ માટે સાતત્યપૂર્ણ અભિયાન પોતાના વિસ્તારોમાં યોજ્યા હતાં, આ ઉપરાંત લોકો અને બાળકો પાસે સંકલ્પપત્ર ભરાવ્યા હતાં. આ ઝુંબેશના પરિણામે ૬૭૩ વયસ્કો તથા ૨૧૩૭ બાળકો સહી ઝુંબેશમાં સહભાગી થયા હતાં.

## કિશોર-કિશોરી સંમેલન :



કિશોરાવસ્થામાં થતા શારીરિક, માનસિક, ભાવનાત્મક ફેરફારોને જાણવા-સમજવા તથા જાગૃતિ અને સુરક્ષા અંગે જાગૃતિ કેળવાય, સ્વની કાળજી કેવી રીતે લેવી તેવા વિવિધ મુદ્દાઓ સાથે બાલસેનાના ઉપક્રમે કિશોરીઓ અને કિશોરો સાથે નિયમિત તાલીમ-મીટીંગ યોજાતી હોય છે. તે જ રીતે દર વર્ષે વાર્ષિક સંમેલન પણ આ મુદ્દાઓ પર યોજાતું હોય છે.

આ વર્ષે ૨૦ ઓગષ્ટના રોજ કિશોરો સાથે બાળલગ્ન, બાળમજૂરી, કોર્પોરલ પનીશમેન્ટ, જાતીય અત્યાચાર જેવા મુદ્દાઓ પર પ્રવૃત્તિ આધારિત વાર્ષિક સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમા ૨૭૨ કિશોરો સહભાગી થતા હતાં, તેઓની સાથે વિવિધ શાળાના ૧૧ શિક્ષકો પણ જોડાયા હતાં.

૩૧ ઓગષ્ટના રોજ ૨૯૦ કિશોરીઓ સાથે કિશોરી સંમેલન જાણીતા સર્વોદય પાક્ષિક ભૂમિપુત્રના સંપાદક અને જળ, જમીન અને પર્યાવરણના મુદ્દે કાર્યરત સ્વાતિબહેનના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યું હતું. બાલસેના સાથે જોડાયેલ શાળાઓના ૧૨ શિક્ષકો પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. કિશોરીઓ સાથે પણ ઉપરોક્ત મુદ્દાઓ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.



**વાર્ષિક કાર્યક્રમ :**



બાલસેનાનો વાર્ષિક કાર્યક્રમ દર વર્ષે અલગ-અલગ થીમ આધારિત યોજાતો હોય છે. આ વર્ષે ૧૧ સપ્ટેમ્બરના રોજ શામળદાસ કોલેજના પ્રાંગણમાં ૪૩૦ બાળકો સાથે યોજાયો હતો.સવારે બાળકોએ વિકટોરીઆ પાર્કથી રેલી સ્વરૂપે શામળદાસ કોલેજ કમ્પાઉન્ડમાં પહોંચી ધ્વજવંદન કર્યું હતું, ત્યારબાદ અલગ-અલગ જૂથમાં વહેંચાઈ બાળકોની સલામતી-સુરક્ષા અને કાળજીના અનુસંધાનમાં વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી તાલીમ અને માહિતી મેળવી હતી.



ત્યારબાદ બાલસેનાની વિવિધ ટીમના બાળકોએ સ્વયંપાકની જવાબદારી ઉપાડી હતી. તેઓએ પોતાની ટીમમાં કઈ વાનગી બનાવવી, તેની ખરીદી-પ્રમાણ વગેરે તમામ બાબતોનું આયોજન કરી વિવિધ વાનગીઓ બનાવી રસોઈ કૌશલ્ય સાથે બજારના

પ્રવાહો, વેચાણ-વ્યવસ્થાપન, હિસાબ-કિતાબ વગેરે શીખ્યા હતાં. બાળકોએ વિવિધ વાનગીઓનો આ સ્વાદ માણ્યો હતો. મુકત અને મોકળાશભર્યા વાતાવરણમાં શૈશવના કાર્યકરોની ઉપસ્થિતિમાં બાળકોએ આનંદ માણ્યો હતો.

**બચત કાર્યક્રમ**



બાલસેનાના બાળકોનો બચત કાર્યક્રમ અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યો છે. બાળકો કરકસરના મૂલ્યોની સાથોસાથ નાણાંના મૂલ્યને સમજે નાણાંની ઉપયોગિતા તથા જરૂરિયાતનો વિવેક સમજતા થાય તેમજ કુટુંબને મદદ ઉપરાંત સ્વમાન અને આત્મ સન્માન કેળવી શકે તે માટે બચત કાર્યક્રમ પાયાની પ્રવૃતિ બની ગઈ છે.

સમગ્ર વર્ષ દરમ્યાન ૧૩ વિસ્તારના ૪૦૯ બાળકોએ ૧,૭૩,૨૪૦ /-રૂા. જયા બચતમાટે જમા કર્યા હતા, જયારે રૂા. ૭૯,૬૮૦/- જરૂરિયાત માટે ઉપાડયા હતા. વર્ષના અંતે રૂા. ૯૩,૫૬૦ /- સિલક તરીકે જમા છે. બાળકો જરૂરિયાત માટે ઉપાડ કરે છે તેનું વિશ્લેષણ દર વર્ષે કરવામાં આવે, આ વર્ષે કુલ ઉપાડના ૩૫ % રકમ શાળાની ફી ભરવા, સ્ટેશનરી - પુસ્તકો ખરીદવા માટે ઉપાડી હતી, જ્યારે ૩૪ % રકમનો ઉપાડ પોતાના કુટુંબને મદદરૂપથવા, જેવા કે માંદગી, ઘરનું રીપેરીંગ, ઘર માટે જરૂરી વસ્તુઓની ખરીદી કે આકસ્મિક જરૂરિયાત પૂરી કરવા ઉપાડ્યાહતાં. ૨૦ % રકમ તહેવારોના પ્રસંગોમાં ઉપાડી હતી. ૧૦ % રકમ બહારગામ જવા - પ્રવાસ માટે ઉપાડી હતી જ્યારે માત્ર ૧ % રકમ પોતાના માટે વાપરવા ઉપાડી હતી. આમ બાળકો સદ્‌ભૂત જવાબદારીનું દર્શન કરાવી રહ્યાં છે.

**આંકડાકીય માહિતીઃ**

**બાળકો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિઓઃ**

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો | ૨૭૦ | ૩૪૨૪ | ૨૯૦૬ | ૬૩૩૦ |
| ૨ | કાઉન્સીલ મિટીંગ | ૧૦ | ૨૧૮ | ૧૮૩ | ૪૦૧ |
| ૩ | સીનીયર મિટીંગ | ૧૪૮૦ | ૮૧ | ૬૯ | ૧૫૦ |
| ૪ | ભાવનગરના સ્થળોની મુલાકાત | ૭૪ | ૧૧૬૦ | ૮૫૬ | ૨૦૧૬ |
| ૫ | રીસોર્સ પર્સનની સેવાઓ | ૬ | ૨૭૮ | ૨૭૫ | ૫૫૩ |
| ૬ | ફિલ્મ શો | ૨૧ | ૨૬૮ | ૪૩૩ | ૭૦૧ |

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શૈશવ દ્વારા જૂથના કાર્યક્રમ | ૪૬૮ | ૬૦૬૭ | ૪૬૧૦ | ૧૦૬૭૭ |
| ૨ | શૈશવ દ્વારા જૂથના સંયુકત કાર્યક્રમ | ૧૬ | ૭૨૪ | ૭૨૬ | ૧૪૬૦ |
| ૩ | શૈશવ દ્વારા જૂથની સંયુકત તાલીમ | ૯૨ | ૧૪૯૨ | ૧૦૫૬ | ૨૫૪૮ |
| ૪ | કિશોર/કિશોરી મેળા | ૪ | ૧૯૪ | ૮૭ | ૨૮૧ |
| ૫ | શૈશવ દ્વારા નેતૃત્વ તાલીમ | ૧૦ | ૩૨૩ | ૧૫૮ | ૪૮૧ |
| ૬ | શૈશવ દ્વારા એક દીવસીય તાલીમ | ૮ | ૧૪૯ | ૧૧૦ | ૨૫૯ |
| ૭ | કિશોર મંડળ પ્રવૃતિ | ૪૪ | ૫૭૦ | – | ૫૭૦ |
| ૮ | કિશોરી મંડળ પ્રવૃતિ | ૫૨ | – | ૭૫૮ | ૭૫૮ |
| ૯ | વાર્ષિક સંમેલન | ૧ | ૩૨૫ | ૧૯૬ | ૫૨૧ |
| ૧૦ | સ્વરક્ષણ વેનલીડો પરિચય તાલીમ | ૪ | – | ૭૮ | ૭૮ |
| ૧૨ | બાલસેનાના બાળકોનું રાષ્ટ્રીય-રાજય સ્તરે પ્રતિનિધિત્વ | ૫ | ૭ | ૫ | ૧૨ |
| ૧૩ | કિશોરી સંમેલન | ૧ | – | ૨૯૦ | ૨૮૦ |
| ૧૪ | કિશોર સંમેલન | ૧ | ૨૭૨ | – | ૨૭૨ |

## તરૂણસેના

બાલસેનામાંથી તરૂણસેનામાં જોડાયેલા તરૂણો પૈકીના કેટલાક હવે સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જવાબદારી સંભાળી સમગ્ર કાર્યને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યાં છે. તરૂણસેના દ્વારા શૈશવના એરિયા રીસોર્સ સેન્ટર - કમ્પ્યુટર સેન્ટર, બાલસેનાનું કેટલાક વિસ્તારોનું કાર્ય, તાલીમ શિબિરો, બચત કાર્યક્રમ તેમજ ચાઈલ્ડ હેલ્પ લાઈનની કામગીરીમાં રોજબરોજની જવાબદારી લઈ કાર્ય કરી રહ્યાં છે.

તરૂણસેનાના પ્રતિનિધિ તરીકે સંસ્થાની કો-ઓર્ડીનેશનની ટીમની મીટીંગમાં કે ટ્રસ્ટી બોર્ડની મીટીંગમાં પણ જોડાઈ યોગદાન આપી રહ્યાં છે.

૨૦૧૬-૧૭ના વર્ષ દરમ્યાન કુંભારવાડા સ્થિત એરિયા રીસોર્સ સેન્ટરમાં કમ્પ્યુટર તાલીમ, સરકારી યોજનાઓ અને સેવાઓની માહિતી આપવા ઉપરાંત વિસ્તારના લોકો - બાળકોની જરૂરિયાતને ધ્યાનમાં લઈ તેઓના ડોક્યુમેન્ટની પ્રિન્ટ કાઢવી, ઝેરોક્ષ કરવી, ઈન્ટરનેટ સેવાઓ, નોકરી માટેના કે અન્ય કામ માટેના ઓનલાઈન ફોર્મ ભરવા કે પુસ્તકાલય સેવા ઉપરાંત સ્ટેશનરી આઈટમ સરળતાથી મળે તે માટે તેનું નાનું વેચાણ કેન્દ્ર ચલાવવું જેવી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય સેવાઓ પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. જો કે સરદારનગર વિસ્તારમાં બાળકો કમ્પ્યુટર તાલીમ મેળવી શકે તે માટે શરૂ કરેલ બીજું કેન્દ્ર પૂરતી સંખ્યાના અભાવે બંધ કરવું પડયું હતું !

આ વર્ષ દરમ્યાન કુંભારવાડા કોમ્પ્યુટર સેન્ટર ખાતે ૧૪૩ છોકરા તથા ૨૨ છોકરીઓ મળીને કુલ ૧૬૫ બાળકોએ વિવિધ કમ્પ્યુટર લક્ષી તાલીમ લીધી હતી.



તરૂણસેનાના પ્રતિનિધિ તરૂણો હવે સંસ્થાના કાર્યકરો સાથે ખભેખભા મિલાવી સંસ્થાના વિવિધ કાર્યક્રમો કે પછી રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોમાં પણ યોગદાન આવી રહ્યાં છે. રાષ્ટ્રસંઘ દ્વારા ઘોષિત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના અનુસંધાનમાં રાષ્ટ્રીય સ્તરે કાર્યરત નાઈન ઈઝ માઈન – નેટવર્કમાં બાલસેનાના બાળકોએ ભાગ લેવાનો હતો તો તરૂણસેનાના સભ્ય જ તેઓની સાથે ગયા હતાં. બાળ અધિકાર સમૂહ – ગુજરાત દ્વારા આયોજિત ચાઈલ્ડ રાઈટ ઓડીટના ત્રણ તબક્કાની તાલીમ દરમ્યાન બાલસેનાના બાળકો સાથે તરૂણસેનાના સભ્યો જોડાયા હતાં !

- 'વિકાસનો પુનઃ વિચાર' – હાલનું વિકાસનું મોડેલ માનવજીવન માટે જોખમરૂપ છે કે કેમ ? પર્યાવરણ પર થતી અસરો વગેરે મુદ્દાઓને લઈને સ્વરાજ યુનિ.ના ખોજી ઈશાબહેન અને અશાવરીબહેન દ્વારા આયોજિત તા. ૨૪ થી ૨૬ મે' ૨૦૧૬ અને ૨૨ થી ૨૫ એપ્રિલ' ૨૦૧૭ દરમ્યાન તરૂણસેનાના સભ્યો જોડાયા હતા અને સાદગીપૂર્ણ જીવન, સામાજિક ન્યાય જેવા મુદ્દાઓની તાલીમ પણ મેળવી હતી. આ ઉપરાંત ગુજરાત સર્વોદય મંડળ આયોજિત યુવા શિબિરમાં ૨૪ થી ૩૦ મે' ૨૦૧૬ દરમ્યાન તરૂણસેનાના દિપકે ભાગ લીધો હતો.
- ૨૬ જાન્યુઆરીના રોજ અગાઉ જે બાળકો બાલસેનામાં જોડાયા હતા અને હવે મોટા થઈ પોત પોતાની રીતે પગભર થઈ ગયા છે તેઓની સાથે નાનકડો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.શૈશવની શરૂઆતથી શૈશવના પ્રથમ શિક્ષણ કેન્દ્રથી સાથે, અને બાલસેનાનો પ્રથમ અધ્યક્ષ રાજેશ થી લઈને ભરત, સંગ્રામ, દક્ષા, ખુશ્બુ થી માંડીને ચાલીસેક જેટલા તરૂણો મળ્યા હતાં.

આ તરૂણોએ બાલસેના સાથેના સંસ્મરણોને વાગોળવા ઉપરાંત પોતાના જીવન પર થયેલી હકારાત્મક અસરો અને માર્ગદર્શન અંગે વાતો કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તાલીમકાર અને શૈશવના બાલદોસ્ત શ્રી અરવિંદભાઈ ત્રિવેદીએ સફળતા અને ઉત્તમ જીવન જીવવા માટેના મૂલ્યો અંગે ઉદાહરણો સાથે સુંદર વાતો કરી હતી. આ ઉપરાંત ફાલ્ગુનભાઈ તથા પારૂલબહેને જૂની વાતોને યાદ કરી બાળકોએ નિભાવેલી જવાબદારી તથા નેતૃત્વ અંગે આભાર વ્યકત કરી, આગામી દિવસોમાં આપણે સૌ એકમેક સાથે કેવી રીતે જોડાયેલા રહીએ અને આપણે સૌ મદદરૂપ થતા રહેવું તે અંગે તથા તરૂણો તરીકે તેઓના વિકાસમાં શૈશવ કયાં સહભાગી થાય તે અંગે ચર્ચા કરી હતી.

- ''મારું નામ ગણેશ છે, દસેક વર્ષ બાલસેનામાં રહ્યો, બાળકોના અધિકાર વિષે જાણ્યું, નવી નવી પ્રવૃત્તિઓને લીધે મારો વિકાસ થયો. આજે હું મેડીકલ સ્ટોરમાં કામ કરું છું ''
- ''મારું નામ નિરવ, બાળકોએ કઈ રીતે જીવન જીવવું જોઈએ તે મને બાલસેનામાંથી શીખવા મળ્યું''
  આ બાળકોનો બાલસેના સાથેનો નાતો કોઈકનો ૧૦ વર્ષનો, તો પછી કોઈકનો ૧૧ વર્ષનો, કોઈક વળી સાત – આઠ વર્ષથી ! મહેશના કહેવા પ્રમાણે તેને અંગ્રેજી વાંચતા આવડયું, તો વળી જયેશને સારી સ્કૂલમાં એડમીશન મળ્યું, તો વળી બેનાએ જણાવ્યું કે અમારા વિસ્તારમાં બધા રૂઢિચૂસ્ત પણ બાલસેનામાં આવ્યા પછી છોકરાઓ સાથે પણ અમે બોલતા થયા ! મનોજને લાગે છે કે એટલી બધી જાતની તાલીમો અમે લીધી છે કે જિંદગીમાંહવે અમે નાસીપાસ થતા નથી, આગળ વધતા રહીએ છીએ ! આવી કંઈ કેટલીય વાતો બધાએ કરી. સૌને આ મિલન ખૂબ ગમ્યું.

આમ તરૂણો જાત-ભાતના બંધનો તોડી એકમેકને મદદ કરતા તંદુરસ્ત મૈત્રી કેળવતા આગળ વધી રહ્યાં છે.

## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

### વિશેષ પહેલ....

શૈશવમાં બાળકોનું સંગઠન બાલસેના છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત છે, તેવી જ રીતે દેશમાં અલગ-અલગ રાજ્યોમાં પણ આ રીતે સંસ્થાઓની પ્રેરણાથી બાળકોના સંગઠન વિકસતા ગયા છે. આ બાળ સંગઠનો દ્વારા સુંદર કાર્યો થઈ રહ્યાં છે. આ સંગઠનો કેવી રીતે શરૂ થયા ? કેવા પ્રયાસો-પ્રવૃત્તિઓ કરી ? કેવા વીઝન-મીશન છે? બાળકોની સહભાગિતા અને નેતૃત્ત્વ કેવા છે ? ઉત્તમ કામો / પ્રવૃત્તિઓ કઈ છે જે બીજાએ શીખવી જોઈએ આ મુદ્દાઓને લઈ બાળ સંગઠનો રાષ્ટ્રીય સ્તરે એક પ્લેટફોર્મ પર આવે તેના પ્રયાસો શૈશવ અને અન્ય સંસ્થાઓએ કર્યા છે. અગાઉ ૨૦૦૮ માં પ્રથમ સંમેલન શૈશવ-બાલસેનાના ઉપક્રમે ભાવનગરમાં યોજાયું હતું. જાન્યુઆરી' ૨૦૧૬માં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના આંગણે શૈશવ દ્વારા ચોથું રાષ્ટ્રીય સંમેલન પણ યોજાવામાં આવ્યું હતું.



આ અનુસંધાનમાં એક વિશેષ ડોક્યુમેન્ટ-પુસ્તક તૈયાર કરવાના હેતુથી શૈશવ દ્વારા વિશેષ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે પશ્ચિમ બંગાળ, ઓરીસ્સા, દિલ્હી, ઉત્તરાખંડ, કર્ણાટક, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાત- આઠ રાજ્યોમાંથી કેટલીક સંસ્થાઓની પસંદગી કર્યા બાદ જે તે સંસ્થા, ત્યાંના બાળકો-કાર્યકરો વગેરેને મળીને શૈશવમાંથી પારૂલબહેન તથા વોલન્ટીયર રજની સિંઘ દ્વારા જુન થી ઓગષ્ટ દરમ્યાન વિશેષ પ્રવાસ કરીને કાર્ય કરવામાં આવ્યું હતું. હાલમાં આ કાર્યથઈ રહ્યું છે અને ટૂંક સમયમાં આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવશે.

- સાર્ક દેશોના સાઉથ એશિયા ઈનીશીયેટીવ ફોર ચીલ્ડ્રન અગેનસ્ટ વાયોલન્સના નેશનલ એકશન કોર ગ્રુપ દ્વારા ૨૧-૨૨ મે ના રોજ ગૌહાતી-આસામ મુકામે દેશભરના બાળકોના પ્રતિનિધિ બાળકો સાથે બાળમજૂરી, બાળલગ્ન તથા કોર્પોરલ પનીશમેન્ટ જેવા મુદ્દાઓ પર રાષ્ટ્રીય સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શૈશવમાંથી પારૂલબહેન તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત શૈશવમાંથી બાલસેનાના સભ્ય જયેશ તથા કાર્યકર નીલમબહેને ભાગ લીધો હતો.



- બાળ અધિકાર સમૂહ-ગુજરાત આયોજિત 'બાળકો દ્વારા ચાઈલ્ડ રાઈટ ઓડીટ' અંગેના બીજા તબકકામાં ૫ થી ૭ મે દરમ્યાન અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠમાં એકત્રિત થયેલ ગુજરાતની ૯ સંસ્થાના બાળકો તથા કાર્યકરોને ડેટાનું વિશ્લેષણ કેવી રીતે કરવું તે અંગેની તાલીમ યોજયા બાદ ચાઈલ્ડ રાઈટ ઓડીટની ત્રીજા તબકકાની શિબિર તા. ૫ થી ૮ ઓગષ્ટના રોજ દરમ્યાન અમદાવાદમાં યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતના સાત જિલ્લાની નવી સંસ્થાના બાળકોએ પોતાના વિસ્તારમાંથી એકત્રિત કરેલ સંશોધનની આંકડાકીય માહિતી સંકલિત કરવી, પ્રેઝન્ટેશન બનાવવું વગેરે અંગે શૈશવમાંથી પારૂલબહેન, ફાલ્ગુનભાઈ, નીલમબહેન ઉપરાંત સ્વપથના શ્રી રાજેશભાઈ, બાંધકામ મજૂર સંગઠનના શ્રી વિપુલભાઈ વગેરે માર્ગદર્શન આપ્યું હતું.

  આ ઉપરાંત ૭ ઓગષ્ટના રોજ રાષ્ટ્રીય બાળ અધિકાર કમિશનના સભ્યશ્રી પ્રિયાંક કાનુગો તથા રાજ્ય બાળ અધિકાર કમિશનના ચેર પર્સન શ્રી જાગૃતિબહેન પંડયા, યુનિસેફના પ્રતિનિધિશ્રી વીણાબહેન બંદોપાધ્યાય, શ્રી અંકુશ સિંઘ વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં બાળકોએ સંશોધન અહેવાલની રજૂઆત કરી હતી.

## શૈશવના કાર્યોનું મૂલ્યાંકન

શૈશવની શરૂઆતથી પરંપરા બની રહી છે કે લગભગ દર ત્રણ-ચાર વર્ષે બહારના તજજ્ઞની મદદથી કાર્યોનું મૂલ્યાંકન, શું શીખવા મળ્યું, કયાં ફેરફારોની જરૂર છે, કઈ મર્યાદાઓ છે, શું વિશેષ કરી શકયા તેવા અનેકવિધ પાસાઓ તથા જેમની સાથે કાર્ય કરીએ છીએ તેઓ કાર્યને કેવી રીતે જુએ છે કેટલું ઉપયોગી છે વગેરે બાબતો સમજવા મળે તે માટે કરવામાં આવતું હોય છે.



તા. ૧૫ થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન સંસ્થાના સાડા ત્રણ વર્ષના કાર્યોના મૂલ્યાંકન માટે યુ.કે.થી એમા સારટન આવ્યા હતાં. ફિલ્ડ કાર્યોની પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત બાળકો, વાલીઓ, વિસ્તારના આગેવાનો, સંસ્થાના કાર્યકરો, ટ્રસ્ટીઓ શૈશવના પ્રતિનિધિઓ, કલેકટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, આસીસ્ટન્ટ લેબર કમિશનરશ્રી, પ્રિન્સીપાલ એન્ડ ડીસ્ટ્રીકટ જજશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તથા વિવિધ બાળ હોમ્સની મુલાકાત અને મીટીંગ યોજી સંસ્થાના કાર્યોને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થાઓ, નેટવર્ક તથા સરકારના વિભાગોના અધિકારીશ્રીઓ સાથે પણ મુલાકાત - ઈન્ટરવ્યુ કર્યા હતાં.

શૈશવના વિવિધ વિભાગના કાર્યકરોની ટીમે પોતાના વિભાગની કામગીરી, વિશિષ્ટ કાર્યો, પડકારો તથા આંકડાકીય માહિતીઓની રજૂઆત કરી હતી.

મૂલ્યાંકનની આ સમગ્ર પ્રક્રિયા સૌના માટે વિશેષ શિક્ષણની બની રહી હતી, તેઓએ પણ અત્યંત સંતોષ વ્યકત કરવાની સાથોસાથ સૌને પ્રોત્સાહન આપ્યું હતું.

- અમેરિકા ઈન્ડીયા ફાઉન્ડેશનની પાર્ટનર સંસ્થાઓ ગુજરાતમાં શિક્ષણના મુદ્દે કાર્યરત છે. આ સંસ્થાઓના સીનીયર કાર્યકરો તથા કો-ઓર્ડીનેટર વગેરેની સાથે બાળ સુરક્ષા અંગેની તાલીમ ૨૩ થી ૨૫ નવેમ્બર દરમ્યાન અમદાવાદમાં યોજવામાં આવી હતી. ત્યારબાદ તેઓની પાર્ટનર સંસ્થાઓ સ્વદીપ, મહુવા અને સમાજ શિક્ષણ કેન્દ્ર, અમરેલીના ૧૮ કાર્યકરોને બાળ સુરક્ષાના અનુસંધાનમાં બાળ અધિકારો, બાળકોના વિવિધ કાયદાઓ તથા સંસ્થામાં બાળ સુરક્ષા નીતિ વગેરે અંગેની તાલીમ ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ તથા કચ્છમાં કાર્યરત ઉન્નતિ અને કોહેઝન સંસ્થાના પચાસેક કાર્યકરોને પણ ઉપરોકત મુદ્દાઓ આધારિત તાલીમ ઉપરાંત કિશોરાવસ્થાના કાર્યક્રમો અંગે પણ તાલીમ ૧૬-૧૭-૧૮ જાન્યુઆરીના રોજ રાપર તાલુકાના લાકડીયા ગામમાં આપવામાં આવી હતી. જયારે આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામના ૩૦ કાર્યકરોને તા. ૧ અને ૨ ફેબ્રુઆરીના રોજ સાયલા ખાતે શૈશવ દ્વારા આપવામાં આવી હતી.

- અમેરિકા ઈન્ડીયા ફાઉન્ડેશન દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ૧૮ ડીસેમ્બરના રોજ યોજાયેલ રીજીયોનલ શાળા વ્યવસ્થાપન સમિતિના સંમેલનમાં ગુણવત્તા યુકત શિક્ષણ અંગેની પેનલમાં શૈશવના ફાલ્ગુનભાઈએ બાળ સહભાગિતાના મુદ્દાઓને લઈને વાર્તાલાપ આપ્યો હતો. આ પ્રસંગે બાળ અધિકાર સમૂહ - ગુજરાત દ્વારા બાળ અધિકારો અંગેનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

- ઓએસીસ સંસ્થા - વડોદરા દ્વારા ''સ્વતંત્ર દેશના ગુલામ બાળકો'' અંગેની ૩ દિવસની શિબિર ઓએસીસ કેમ્પસ - ચાણોદ ખાતે ૨૧-૨૨-૨૩ ડીસેમ્બર દરમ્યાન યોજવામાં આવી હતી, શિબિરના પ્રારંભિક સત્રમાં બાળકોની સ્વતંત્રતા અને બાલસેનાના અનુભવો આધારિત વાર્તાલાપ ફાલ્ગુનભાઈ તથા પારૂલબહેને આપ્યો હતો.

**સ્ટડીટુર**



તા. ૧૭ થી ૨૩ ઓક્ટોબર દરમ્યાન શૈશવના કાર્યકર, તરૂણસેના તથા બાલસેનાના સભ્યો મળીને કુલ ૧૨ વ્યક્તિઓએ દક્ષિણ ભારતમાં મદુરાઈમાં કાર્યરત શક્તિ-વિડીયલ સંસ્થાની મુલાકાત લઈ તેઓના બાળ સંગઠનના કાર્યો, પ્રક્રિયાઓ અને પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી.

વૈકલ્પિક શિક્ષણના પ્રયોગ સાથે કાર્યરત બેંગ્લોર પાસે આવેલ સેન્ટર ફોર લર્નીંગ તથા કોડાઈકેનાલ પાસે આવેલ સોલાઈ સ્કૂલની મુલાકાત શૈશવમાંથી ફાલ્ગુનભાઈ તથા ઈશાબહેને ૧૬ એકટોબર અને ૨૩ એકટોબરના રોજ લઈ પ્રક્રિયા-પ્રવૃત્તિઓને નિહાળી હતી.

- ડ્રીમ એ ડ્રીમ સંસ્થા, બેંગ્લોર દ્વારા લાઈફ સ્કીલ અંગેની નેશનલ કોન્ફરન્સ ૨૦-૨૧ જાન્યુઆરીના રોજ બેંગ્લોરમાં યોજવામાં આવી હતી, તેમાં શૈશવના અનુભવોની વાત કરવા માટે આમંત્રણ મળતા ફાલ્ગુનભાઈ તથા પારૂલબહેન જોડાયા હતાં.
- આ ઉપરાંત ગુજરાત તથા ગુજરાત બહાર અન્ય સંસ્થાઓને શૈશવ દ્વારા તાલીમ આપવામાં આવી હતી તેમજ અન્ય સંસ્થાના કાર્યકરો શૈશવની મુલાકાત કરી કાર્યો-પ્રણાલિઓ નિહાળી હતી. આ વર્ષ દરમ્યાન આધાર, સ્વપથ, ગણતર, ચૈતન્ય ચેરીટેબલ, ટ્રસ્ટ, લોકભારતી, સ્ટુડન્ટ કેડેટ-સુરક્ષા સેતુ સોસાયટી, સેવા-અમદાવાદ, એકશન એઈડ-યુનિસેફ જયપુર, ફોર્બ્સ માર્શલ કંપની-પૂના, સમાજકાર્ય વિભાગ-સરદાર પટેલ યુનિ. તથા અમેરિકા ઈન્ડીયા ફાઉન્ડેશન સાથે જોડાયેલ સંસ્થાઓ સ્વદીપ,સમાજ શિક્ષણ કેન્દ્ર, ઉન્નતિ, કોહેઝન, આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ વગેરે સંસ્થાઓ સાથે બાળ અધિકાર, બાળકોના કાયદાઓ, બાળ સુરક્ષા કાર્યક્રમ - પ્રોજેક્ટ વર્ક, બાળમેળા, મૈત્રીની રમતો જેવા અનેકવિધ મુદ્દે તાલીમો શૈશવ દ્વારા આપવામાં આવી હતી.

### પ્લેસમેન્ટ

- અમેરિકન ઈન્ડીયા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે ફેલો પસંદ કરવામાં આવે અને તે ફેલો સમાજકાર્ય સાથે અનુસંધાન જોડવા, કાર્ય સમજવા - શીખવા તથા પોતાના જ્ઞાન-આવડતનું યોગદાન આપી શકે તેવા હેતુથી સંસ્થાઓમાં ૧૦ થી ૧૨ મહિના માટે વોલીન્ટીયર તરીકે પ્લેસમેન્ટ કરવામાં આવતું હોય છે. ઓકટોબર' ૨૦૧૬ થી ૧૦ મહિના માટે યુ.એસ.એ થી સુ. શ્રી મોરા તથા કેરલા રાજ્યમાંથી શ્રી નોએલ શૈશવમાં જોડાયા હતાં.

- આ ૪ મહિના દરમ્યાન સ્વરાજ યુનિવર્સીટી ઉદેયપુરના ૨ બહેનો ફિલ્ડ કાર્ય અને બાળ અધિકાર અંગેના અભ્યાસ માટે ૧ જુનથી ૨૦ જુન દરમ્યાન શૈશવમાં જોડાયા હતાં, જ્યારે નંદકુંવરબા મહિલા કોલેજના એમ.એસ.ડબલ્યુના ૪ વિદ્યાર્થી બહેનો તા. ૨૦ જુલાઈથી ફિલ્ડકાર્યની પ્રત્યક્ષ તાલીમ માટે જોડાયા હતાં. આ ઉપરાંત એમ.એસ. ડબલ્યુના ૮ વિધાર્થીઓ પ્લેસમેન્ટ પર જોડાયા હતાં.

### શૈશવના કાર્યકરોની તાલીમ

શૈશવ સંસ્થાના કાર્યકરોની ક્ષમતાવર્ધન માટે વિવિધ મદ્દાઓ અંગે નિયમિત તાલીમ-ર્વાતાલાપ-પ્રત્યક્ષ અનુભવ વગેરે યોજાતા રહે છે.

આ વર્ષ દરમિયાન બાળ અધિકાર, બાળકોના કાયદાઓ, ચાઈલ્ડ લાઈન કામગીરી, મૈત્રીની રમતો, સર્જનાત્મક પ્રવૃતિઓ કિશોર અવસ્થામાં થતાં શારીરીક, માનસિક અને ભાવત્મક ફેરફારો, જાતિય સતામણી, કોર્પોરલ પિનીશમેન્ટ બાળ સુરક્ષા સમિતિ વગેરે થી લઈને અભ્યાસ લક્ષી તાલીમો યોજવામાં આવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન કુલ ૧૧ તાલીમો યોજવામાં આવી હતી.

- ૫ થી ૭ સપ્ટેમ્બર દરમ્યાન સંસ્થાના કાર્યકરો સાથે વિશિષ્ટ પ્રકારનો સ્ટ્રેટજી વર્કશોપ-તાલીમ યોજવામાં આવી હતી. સંસ્થાના ભવિષ્યના કાર્યો, નેતૃત્વ બદલવા તથા સીસ્ટમ વિકાસ અંગે જનવિકાસ, અમદાવાદના શ્રી ગગનભાઈ શેઠીના માર્ગદર્શન હેઠળ આયોજિત વર્કશોપમાં આગામી કાર્યો માટે ચેન્જટીમની રચના તથા જવાબદારીની વહેંચણી વગેરે કરવામાં આવ્યું હતું.

- નાઈન ઈઝ માઈન નેટવર્ક દ્વારા દિલ્હીમાં ૧૬ થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન વિવિધ રાજયોના બાળકોની સાથે ચીલ્ડ્રન પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં શૈશવ તરૂણસેનાના સભ્યશ્રી વિપુલભાઈ તથા બાલસેનાના સભ્યશ્રી વિપુલભાઈ તથા બાલસેનાના ઉપાધ્યક્ષક્ષી જયેશભાઈએ પ્રતિનિધિત્વ કયું હતું

- ૨૪ ઓગષ્ટના રોજ દિલ્હીમાં એમ.વી. ફાઉન્ડેશન, અરાવલી અને અન્ય સંસ્થાઓના સહયોગથી બાળ મજૂરીના મુદ્દે રાષ્ટ્રીય વર્કશોપ યોજાયેલ જેમાં ૧૫ રાજ્યોમાંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં શૈશવમાંથી શિલ્પાબહેન ઉપસ્થિત રહ્યાં હતાં.

- ૩૦ અને ૩૧ જાન્યુઆરીના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ''ગાંધી રીટર્નસ્- બેક ટું બેઝીક'' બે દિવસની શિબિરમાં પારૂલબહેને ભાગ લીધો હતો.

# ચાઈલ્ડ લાઈન

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને ત્વરિત સહાય પહોંચાડવાના હેતુથી કાર્યરત શૈશવ ચાઈલ્ડ હેલ્પ લાઈન – ૧૦૯૮ની કામગીરી ઘનિષ્ઠ બની રહી છે. આ વર્ષ દરમ્યાન થયેલ કામગીરી મુખ્યત્વે આ પ્રમાણે છે.

## પ્રચાર - પ્રસાર અને આઉટ રીચ

ચાઈલ્ડ હેલ્પ લાઈન – ૧૦૯૮ ની માહિતી વધુ લોકો – બાળકો સુધી પહોંચે તે માટે શહેરના વિવિધ વિસ્તારો ઉપરાંત શાળાઓ, આંગણવાડી તથા સંસ્થાઓમાં પ્રચાર–પ્રસાર કરવામાં આવતો હોય છે. આ વર્ષ દરમ્યાન ૧૫ વિસ્તારો ઉપરાંત ૧૨૮ શાળાઓ તથા ૧૦૯ આંગણવાડીમાં વાલીઓ – બાળકો સાથે, શિક્ષકો સાથે મીટીંગો યોજી હતી. આ આઉટરીચ દરમ્યાન પણ બાળકોના કેસ મળી આવતા હોય છે.



## ઓપન હાઉસ

બાળકોને કેવા–કેવા પ્રશ્નોનો સામનો કરવો પડે છે અથવા કેવી કેવી મુશ્કેલીઓ બાળકો અનુભવે છે તેની પ્રાથમિક માહિતી બાળકો પાસેથી મળી રહે તે માટે જુદા–જુદા વિસ્તારોમાં બાળકોની મીટીંગ યોજી માહિતી એકત્ર કરી તેના અંગે કાર્ય કરવામાં આવતું હોય છે. આ વર્ષે ૪૭ ઓપન હાઉસ યોજવામાં આવ્યા હતા, જેમાં વિવિધ મુદ્દાઓ બાળકો પાસેથી મળી આવ્યા હતાં. આ મુદ્દાઓ અંતે જે તે તંત્રો સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ઉપક્રમે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા લોકો કાનૂની સહાય તથા માર્ગદર્શન મોટા પ્રમાણમાં લેતા થાય તે માટે ૧૧ અને ૧૨ જૂનના રોજ વર્કશોપ યોજવામાં આવ્યો હતો, અને તેમાં ૭ યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી, આ અંગે જિલ્લા સ્તરે સમિતિની રચના કરવામાં આવી હતી, આ સમિતિમાં શૈશવ સભ્ય છે.

રાષ્ટ્રીય બાળ મજૂરી વિરોધી દિવસ – ૩૦ એપ્રિલ અને આંતરરાષ્ટ્રીય બાળ મજૂરી વિરોધી દિવસ – ૧૨ જૂનના ઉપલક્ષ્યમાં બાળકોના અધિકાર, મજૂરી – શોષણકરતા પ્રશ્નોને લઈને શહેરના ૨૬ વિસ્તારોમાં શેરી નાટક યોજવામાં આવ્યાં હતા, જેનો બહોળા પ્રમાણમાં લોકોએ લાભ લીધો હતો.

આનંદી સંસ્થા દાહોદના કાર્યકરોએ ભાવનગર ચાઈલ્ડ હેલ્પ લાઈનની મુલાકાત લઈ કામગીરી અને પ્રવૃતિઓનાં અભ્યાસ ૧૦ અને ૧૨ ઓગષ્ટ દરમ્યાન કર્યો હતો.

૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન બાળ અધિકાર સપ્તાહ દરમ્યાન નૂતન પ્રયોગ કર્યો, જન જાગૃતિના અનુસંધાનમાં જાહેર કાર્યક્રમને બદલે ઘર-ઘરની વ્યકિતગત મુલાકાતો ગોઠવી જેથી ચાઈલ્ડ હેલ્પ લાઈનની પ્રવૃતિઓનો વિશેષ ખ્યાલ આપી શકાય તથા તેઓના પ્રશ્નોને વધારે સારી રીતે સમજી શકાય. આમ શહેરના ૨૬ વિસ્તારોનાં ૪૨૫૫ વયસ્કો તથા ૨૬૪૭ બાળકો સાથે ઘર મુલાકાતના માધ્યમથી સીધો સંપર્ક કરી પ્રચાર-પ્રસારનું નકકર આયોજીત કર્યુ હતું.

આ ઉપરાંત ચાઈલ્ડ લાઈન ટીમના કાર્યકરો સાથે બાળ અધિકાર, બાળકોના કાયદા તથા કાઉન્સીલીંગ અંગેની આંતરિક તાલીમો પણ યોજવામાં આવી હતી.

અહીંયા કેટલાક કેસ સ્ટડી આપ્યા છે જેથી કાર્યની વ્યાપકતાને સમજી શકાય.

## એક અનુભવ....

એક દિવસ હોસ્પિટલમાંથી ફોન આવે છે : ''શૈશવ - ચાઈલ્ડ લાઈન ટીમના સભ્ય અહીં આવે, કિશોરીને કાઉન્સલીંગની જરૂર છે.'' ટીમના સભ્ય ત્યાં પહોંચે છે.

એ કિશોરી ચારેક દિવસથી હોસ્પિટલમાં હતી, માનસિક અપસેટ છે તેવી ફરિયાદ સાથે દાખલ કરવામાં આવી હતી. કિશોરીના ટેસ્ટ નોર્મલ આવ્યા હતાં ! મૂંઝવણ શેની છે ? કિશોરીને વિશ્વાસમાં લઈ વાત જાણી... માતા-પિતા વચ્ચે અવાર-નવાર અણબનાવ - ઝઘડાં થાય એની અસર નાની વયથી... બાળકી ઘરમાંથી બહાર નીકળી જાય ! આઠમા સુધી ભણી, પણ માતા-પિતાનો પ્રેમ ન મળતાં જિંદગી અભાવોથી પીડાય !.... બહાર પ્રેમ શોધે ! અને... એક-બે વાર ઘર છોડી ભાગી ગઈ હતી, કિશોરી કહેલું ના કરે એટલે મારપીટ થાય... કોઈક સાથે પ્રેમ થઈ ગયેલો.... લગ્ન કરવાની જિદ... એક જાતનું આંધળુંકીયાપણું.... પાત્ર અને પાત્રતા કેવા ! કિશોરીને સમજાવવાનું શરૂ થયું... તણાવ તો હતો જ, હોસ્પિટલમાંથી રજા મળતાં કિશોરી ઘરે ગઈ... ફરી માતા-પિતાને ધમકી - મરી જઈશ ! ફરી કિશોરી અને તેના માતા-પિતાને સમજાવવા સાથે સાથે કિશોરી કોઈ અઘટિત પગલું ન ભરે તે માટે સંસ્થામાં રહેવાનો વિકલ્પ બધાની સાથે વાત કરીને સમજાવ્યો. તૈયાર થયા. કિશોરીને સરકાર માન્ય સંસ્થામાં દાખલ કરી, હાલમાં ત્યાં રહે છે - તણાવ ઓછો થયો છે પણ....

માતા-પિતા અને બાળક વચ્ચેની સંવાદિતા કેટલી મહત્વની છે. બાળકને ઘરમાં પ્રેમ-વ્હાલના મળે ત્યારે બહારની દુનિયામાં દોડે અને અજાણતામાં ખોટા તત્વોના હાથમાં ફસાય !

આવા કંઈક પ્રકારના પ્રશ્નો સાથે બાળકો અથવા વયસ્કો ચાઈલ્ડ લાઈનનો સંપર્ક કરી મદદ મેળવી રહ્યાં છે.

## આવું પણ બની શકે.....

ચાઈલ્ડ હેલ્પ લાઈનમાં બાળકોની મુશ્કેલીઓના અનેકવિધ કેસો આવતા હોય છે. કેટલાક આપણને હચમચાવી મુકે ! બાળક પાસે કાળી મજૂરી કરાવવી અને બાપ દારૂના નશામાં પડયો રહે ! પોતાની સઘળી સમસ્યાઓનો ભાર-તણાવ બાળકો પર દાઝ રાખીને કાઢે ! સગો બાપ દિકરીનું શોષણ કરતો હોય !

માતા-પિતા વચ્ચેના અણબનાવ, તકરાર કે છૂટાછેડા જેવી બાબતોમાં બાળકને વિશેષ સહન કરવાનું આવે, જે ઉંમરે માતા-પિતાનો હૂંફની જરૂર હોય ત્યારે કુંટુંબ વિચ્છેદ થતાં બાળકો મુશ્કેલીમાં મૂકાય, કોની પાસે જવું જેવી કેટલીય વિડંબણાઓ ઉભી થાય.

હમણાં થોડા સમય પહેલા એક બહેન બાળકને લઈને આવ્યા. માતા-પિતા અલગ રહે છે. બાળક માતા પાસે છે પરંતુ પિતાએ આ બાળક જયાં અન્યત્ર ભણતું હતું ત્યાંથી શાળા છોડવાનું પ્રમાણપત્ર મેળવી લીધી હતું. બાળકને ભણવું હતું. આ માટે માતાએ અનેક આજીજી કરી પરંતુ પિતા પ્રમાણપત્ર આપે નહીં ! માતાએ ઘણી જગ્યાએ રજૂઆત કરી પણ પરિણામ મળે નહીં.

ચાઈલ્ડ હેલ્પ લાઈનની માહિતી મળતાં તેઓ અહિં આવ્યા વાત કરી. જે તે શાળાના આચાર્યને વાત કરી તો પ્રથમ તો તેઓએ કહ્યું કે ઓરીજનલ સર્ટીફિકેટ તો પિતા લઈ ગયા છે એટલે ન મળી શકે, પણ તેઓને સમજાવ્યા ! તેઓએ કહ્યું કે 'હું' જો ડુપ્લીકેટ સર્ટીફિકેટ આપું તો તેના પિતાએ મારા પર કેસ કરવાની ધમકી આપી છે ! અમે તેઓને ફરી સમજાવ્યા. આચાર્ય માની ગયા અને સર્ટીફિકેટની બીજી નકલ કાઢી આપી, બાળકે તેના આધારે અન્ય શાળામાં એડમીશન લઈ અભ્યાસ ચાલુ કર્યો ! હાલમાં બાળક ભણી રહ્યું છે !

પોતાના જ બાળકનું ભાવિ બગડતું હોવા છતાં પિતાની જીદ એવી કેવી ! માતા-પિતા અલગ રહે – છૂટાછેડા લે કે પછી કોર્ટ તેના માટે જે નક્કી કરે પણ બાળકનો ભણવાનો મૂળભૂત અધિકાર છીનવાય તે કેવી રીતે ચાલે !?

.... માતા નથી. એ બે-ત્રણ બાળકો સાથે રહે. પિતા આખો દિ' દારૂમાં... બાળકોની મારપીટ થાય, દિકરીની જાતીય સતામણી કરે... અડોશપડોશ વાળાનું તો માને જ કયાંથી ! બાળકોને કયારેક તો ભૂખ્યા રહેવું પડે... કોઈ આજુ-બાજુ વાળા આપે તો જમે ! માહિતી મળી... પિતા સામે પોલીસ કેસ દાખલ કરાવ્યો, બાળકોને સુરક્ષા અને કાળજી હેઠળ મોટી ઉંમરના દાદીએ સાચવવા લાગ્યા ! વચ્ચે એ ભાઈ પેરોલ પર છૂટીને આવ્યા તો ફરી ધમકીઓ શરૂ થઈ... ફરી ફરિયાદ કરી... પિતા હાલ જેલમાં છે. પોતાના જ બાળકો... છતાં પિતાનો આ અમાનવીય વ્યવહાર અનેક સવાલો ઉભા કરી રહ્યો છે !

### માતા બાળકનું પુનઃમિલન

મુંબઈ થી શૈશવ ચાઈલ્ડ હેલ્પલાઈન પર ફોન આવ્યો. ભાવનગર તરફનો બાળક મળી આવેલ છે. બાળક સાથે વાત કરી વિગતો મેળવી ભાવનગર નજીકના એક ગામથી તે બાળક ભાવનગરમાં માતા સાથે આવેલ, ત્યાંથી છૂટો પડી જતાં મુંબઈ પહોંચી ગયો હતો ! સ્થાનિક પોલીસની મદદથી બાળકની માતાનો સંપર્ક કરી જરૂરી કાગળો તૈયાર કરાવી માતાને મુંબઈ ચીલ્ડ્રન હોમમાં મોકલવામાં આવતાં, બાળકનો કબજો મળ્યો હતો. આમ બાળક અને માતાના પુનઃમિલનમાં ચાઈલ્ડ લાઈન ટીમે સક્રિય ભૂમિકા ભજવી હતી.

### તત્કાળ સારવાર વ્યવસ્થા ગોઠવાઈ ગઈ !

કયાંકથી ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ ના બેનર વાંચ્યું અને એ ભાઈએ કર્યો : ''મારી બાળકીની તબિયત સારી નથી તમે મદદ કરશો !''

ટીમ તેઓને ત્યાં પહોંચી વિગતો મેળવી. બાળકીને સરકારી હોસ્પિટલમાં લઈ જવા જણાવ્યું. પિતા તૈયાર ન થાય, પણ અંતે માન્યા. સરકારી હોસ્પિટલમાં પહોંચતાં જ ડોકટરોએ તત્કાળ સારવાર શરૂ કરી, નિદાન થયું કિડની પર સોજો છે અને પથરી છે. બાળકીને બીજે દિવસે રાહત થતાં અમદાવાદ શીફ્ટ કરી, ત્યાં પણ યોગ્ય સારવાર મળી જતાં બાળકીની તબિયતમાં સુધારો થઈ ગયો છે. હાલમાં તેનું સતત ફોલોઅપ કરવામાં આવી રહ્યું છે.

### પિતા થઈને......

ચાઈલ્ડ સેફટીનેટના સભ્ય અને શૈશવ સાથે ઘણાં વખતથી જોડાયેલ એ બહેને ફોન કરી માહિતી આપી. ટીમ એ વિસ્તારમાં પહોંચી ઘરમાં પિતા સાથે બાળકો રહે. માતાનું અગાઉ અપમૃત્યુ થઈ ગયું હતું. પિતા દારૂના વ્યસની. એમને પિતા કહેવા કે હેવાન...! પોતાની જ બે મોટી દિકરીઓની શારીરિક છેડછાડ કરે... ધમકાવે અને બીકના માર્યા બાળકો કોઈને કશું કહી શકે નહીં ! તે દિવસે પિતાએ બાળકોને ખૂબ માર્યા... બાળકો ઘરમાંથી નીકળ્યાં, પિતાએ પત્થરો માર્યા... બાળકીઓના નિવેદન લીધાં, પોલીસ બોલાવી, પિતાને પોલીસને સોંપ્યા, પોકસો એકટ હેઠળ કેસ દાખલ કરાવ્યો... હાલ પિતા જેલમાં છે...... બાળકોની વિસ્તારના લોકો કાળજી લઈ રહ્યાં છે.

આમ ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ ઉપર આ પ્રકારના બાળકોના પ્રશ્નો – શોષણના ફોન આવતા હોય છે. ટીમ ૨૪ કલાક પોતાની જવાબદારી નિભાવવા સતત પ્રયત્ન કરતી હોય છે.

**આંકડાકીય માહિતીઃ**

**આઉટરીચ (પ્રચાર-પ્રસાર):**

| કેટેગરી | કુલ આઉટરીચ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા |
|---|---|---|---|
| શાળા | ૫૪ | ૧૦૭૫૯ | ૪૫૦ |
| આંગણવાડી | ૬૮ | ૧૮૧૯ | ૫૭૨ |
| અન્ય | ૧૧૧ | ૧૭૭૧ | ૨૮૧૩ |
| કુલ | ૨૩૩ | ૧૪૩૪૯ | ૩૮૩૫ |

**ઓપન હાઉસ વિસ્તારની સંખ્યા કુલ -૪૭**

**મળી આવેલ કેસઃ**

| કેટેગરી | ફોન દ્વારા | આઉટરીચ દ્વારા | કુલ | ઉકેલ |
|---|---|---|---|---|
| મેડીકલ | ૧૩ | ૦૫ | ૧૮ | ૧૮ |
| શેલ્ટર | ૦૭ | ૧૦ | ૧૭ | ૧૭ |
| શિક્ષણ | ૧૯ | ૦૮ | ૨૭ | ૨૭ |
| સતામણી માટે રક્ષણ | ૫૪ | ૧૯ | ૭૩ | ૭૩ |
| કાયદા સામે સંઘર્ષ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ગુમ થયેલ અને શોધાયેલ બાળકો | ૦૭ | ૦૭ | ૧૪ | ૧૪ |
| માતા-પિતા દ્વારા મદદની માંગ | ૦૩ | ૦૫ | ૦૮ | ૦૮ |
| કાઉન્સીલીંગ | ૨૫ | ૦૮ | ૩૩ | ૩૩ |
| અન્ય | ૨૩ | ૦૮ | ૩૧ | ૩૧ |
| બિન વર્ગીકૃત | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૫ |



# વર્ષ ૨૦૧૬-૧૭માં મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | દર્શક ફાઉન્ડેશન | ભાવનગર | ૧૦૦,૦૦૦ |
| ૨ | વિદ્યા પ્રોત્સાહક ટ્રસ્ટ | ભાવનગર | ૧૦૦,૦૦૦ |
| ૩ | ચિંતનભાઈ ગાંધી | મુંબઈ | ૭૫,૦૦૦ |
| ૪ | પ્રકાશભાઈ એચ. શાહ | અમદાવાદ | ૫૦,૦૦૦ |
| ૫ | પારૂલબેન શેઠ | ભાવનગર | ૩૬,૦૦૦ |
| ૬ | ફૌર્બ્સ માર્શલ | પુના | ૩૦,૦૦૦ |
| ૭ | શ્રી જલારામબાપા લોકાશ્રય લોકસેવા ટ્રસ્ટ | રાજપીપળા | ૨૫,૦૦૦ |
| ૮ | મહેન્દ્રભાઈ બી. મણીયાર | ભાવનગર | ૨૦,૦૦૦ |
| ૯ | ફાલ્ગુન શેઠ | ભાવનગર | ૨૦,૦૦૦ |
| ૧૦ | નિલમ જાદવ | ભાવનગર | ૧૫,૦૦૦ |
| ૧૧ | શિતલબેન વૈભવભાઈ દેસાઈ | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ૧૨ | પંકજભાઈ એચ. શાહ | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૧૩ | જયોતિબેન પ્રફુલકુમાર શાહ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૧૪ | આર. આર. હીરવાની | પુના | ૧૦,૦૦૦ |
| ૧૫ | શિલ્પાબેન કે. પંડયા | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૧૬ | એકસેલ ક્રોપ કેર લિમીટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૭ | અલ્પેશ જે. પરમાર | ભાવનગર | ૯,૦૦૦ |
| ૧૮ | શ્રીમતી રાધિકાબેન એચ. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૭,૫૦૦ |
| ૧૯ | માનસીબેન ભટ્ટ | ભાવનગર | ૭,૫૦૦ |
| ૨૦ | મયુર અજાણા | ભાવનગર | ૬,૦૦૦ |
| ૨૧ | યોગીરાજભાઈ એમ. બધેક | વલસાડ | ૫,૦૦૦ |
| ૨૨ | ફલક બી. શેઠ | વડોદરા | ૫,૦૦૦ |
| ૨૩ | પાવનભાઈ સવાઈ | બેંગ્લોર | ૫,૦૦૦ |
| ૨૪ | ડૉ. ભરતભાઈ એન. પંચાલ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૫ | મૌનાબેન બી. પંચાલ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૬ | ડૉ. એમ. જી. દેસાઈ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૭ | યજ્ઞેશકુમાર એ. પટેલ | ગોધરા | ૫,૦૦૦ |
| ૨૮ | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૨૯ | હરસુખ બી. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૦ | શ્રી સાંઈનાથ રામ ભરોસે | ભાવનગર | ૨,૧૦૦ |
| ૩૧ | અનુભૂતિ ટ્રસ્ટ | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૨ | આઈ. એલ. એસ. એ. એસ. એસ. | છોટા ઉદેપુર | ૧,૫૦૦ |
| ૩૩ | શ્રી ધીરૂભાઈ જે. ધધુંકીયા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૪ | રાષ્ટ્રભાષા પ્રચાર સમિતી | ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૫ | મયંકભાઈ સી. પંડયા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૬ | કેયુરભાઈ પી. રાવળ | અમદાવાદ | ૧,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૭ | વેલજીભાઈ કણકોટીયા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૮ | શ્રી અરવિંદભાઈ પી. રાણા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૯ | સાધનાબેન આર. શાહ | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૪૦ | શ્રી મંજુલાબેન પુનમભાઈ પટેલ | આણંદ | ૫૦૦ |
| ૪૧ | પરાગભાઈ પટેલ | વલસાડ | ૧૦૦ |

## વિદેશમાંથી મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ગ્લોબલ ગિવીંગ | યુ.એસ.એ | ૬૫૧,૩૪૭ |
| ૨ | ગ્લોબલ ગિવીંગ | યુ.કે. | ૯૩,૮૪૬ |
| ૩ | લિયામ સ્ટોક | યુ.કે. | ૪૯,૪૭૦ |
| ૪ | કોકીલાબેન રાવળ | યુ.એસ.એ | ૪૦,૦૦૦ |
| ૫ | માર્ક સ્ટોક | ઈંગ્લેન્ડ | ૧૭,૦૦૦ |
| ૬ | શ્રીયેદ પંત | યુ.એસ.એ | ૬,૫૦૦ |
| ૭ | રિજવાન તૈયબઅલી | યુ.કે. | ૫,૦૦૦ |
| ૮ | કિશોરભાઈ ઘીવાલા | યુ.એસ.એ | ૫,૦૦૦ |
| ૯ | અમીશા મોદી | યુ.કે. | ૩,૫૦૦ |
| ૧૦ | પેરી ઉદય ભાસ્કર | બેંગલોર | ૩,૫૦૦ |
| ૧૧ | હિંમાશુ શાહ | યુ.કે. | ૩,૫૦૦ |
| ૧૨ | હાર્દિક પંચાલ | યુ.એસ.એ | ૩,૦૦૦ |
| ૧૩ | સર્વેશ કે. મારપ્પા | બેંગલોર | ૩,૦૦૦ |
| ૧૪ | મમતઅ બાયકોડ | ભારત | ૧,૬૫૦ |
| ૧૫ | રોહિત ડિસુઝા | મૈસુરી | ૧,૦૦૦ |



DILIP R. SHAH & CO.
A/2/21, Ajanta Comm. Centre, Chartered Accountants
Nr. Income tax, Ashram Road, Ahmedabad-380 014.

# AUDITOR'S REPORT

We have examined the Balance sheet as at 31st March, 2017 and income & Expenditure Account for the year ended as above of the above Trust. These financial statements are the responsibility of the Management of the Trust. Our responsibility is to express an opinion on these financial statements based on our audit.

We conducted our audit in accordance with the auditing standards generally accepted in India. Those standards required that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatement. An audit includes examining, on a test basis, evidence supporting the amounts and disclosures in the financial statements. An audit also includes made by management, as well as evaluating the overall financial statement presentation. We believe that our audit provides a reasonable basis for our opinion. The Financial Statement give a true and fare view in accordance with accounting practices in India, of the state of affairs at31st March 2017.

We further report as detailed below.

(a)Accounts are maintained regularly and in accordance with the provisions of the Trust Act and the Rules.
(b)Receipts and disbursements are properly and correctly shown in the accounts.
(c)The cash balance and vouchers in custody of the manager or trustee on the date of the audit were in agreement with the accounts.
(d)All books, deeds, accounts, vouchers of other documents or records required to us were provided by the trust.
(e)An inventory certified by the Trustee of the movables of the Public Trust has been maintained.
(f)Shri ASHISH RAVAL, accountant appeared before us and furnished the necessary information required by us
(g)No property of funds of the trust were applied for any object or purpose other than the object or purpose of the Trust.
(h)The amounts outstanding for more than one year Rs. Nil.The amount written off during the year Rs. Nil.
(i)Tenders were not invited as there were no repairs exceeding RS.5000.The Consturction/repairing work done departmentally hence not applicable.
(j)No money of the public trust has been invested contrary to the provisions of section 35 of trust act.
(k)There is no alienation of immovable property contrary to provision of section 36 of trust act.

Remarks :- Nil
PLACE: Ahmedabad — FOR DILIP R. SHAH & CO.
Date :- 10-07-2017 — [DILIP R. SHAH. PROP.]

Our Sincere Thanks To:

To Fulfill our responsibilities towards deprived children by providing them reasonable opportunities to lead meaningful life your good wishes and active support constantly provide us with inspiration and encouragement. We have received support from many well-wishers. donors and institute for our activities till now. Some of our major supporters are; Child Reach International.(Comic Relief), Ipartner india and Aware Foundation.

FINANCIAL STATMENT 2016-17

| Funds & Liabilities | AS ON 31.03.2017 | AS ON 31.03.2016 |
|---|---|---|
| Trust Funds or Corpus | 2,70,581,00 | 2,70,581,00 |
| Other Earmarked Funds<br>(a) Building Fund | 11,278,343.40 | 11,278,343,40 |
| (b) Non Recurring | 55,42,048.00 | 6,094,853,00 |
| (c) Un Utilized Fund | 1,030,215.50 | 1,874,385,37 |
| (d) Computer Fund | 00.00 | 98,680.00 |
| Other Liabilities | 4,907,452.86 | 3,956,920.86 |
| Income & Expenditure Account | 17,141,857.82 | 15,051,999.45 |
| **Total** | 40,170,498.**58** | **38,625,763.08** |

| ASSETS | AS ON 31.03.2017 | AS ON 31.03.2016 |
|---|---|---|
| Immovable Properties | 9,935,903.00 | 9,935,903.00 |
| Furniture & Fixture | 4,813,360.00 | 6,396,378.40 |
| Loan & Advance | 58,500.00 | 43,000.00 |
| Income Outstanding | 1,728,042.00 | 1,516,598.00 |
| Cash & Bank Balance | 23,634,696.58 | 20,733,883.68 |
| Total | 40,170,498.**58** | **38,625,763.08** |

| EXPENDITURE | AS ON 31.03.2017 | AS ON 31.03.2016 |
|---|---|---|
| Immovable Properties | 1,33,325.00 | 6,464.00 |
| Furniture & Fixture | 9,30,102.40 | -- |
| Loan & Advance | 12,000.00 | 21,730.00 |
| Income Outstanding | 9,802,410.00 | 13,998,340.35 |
| Cash & Bank Balance | 2,089,858.37 | 3,524,739.66 |
| Total | 12,967,695.**77** | **17,551,274.01** |

| INCOME | AS ON 31.03.2017 | AS ON 31.03.2016 |
|---|---|---|
| Interest | 1,612,451.47 | 1,769,818.24 |
| Donation | 1,508,513.30 | 1,495,101.42 |
| Grant | 8,582,265.13 | 10,541,324.50 |
| Training & Workshop fees | 4,07,061.00 | 174,400.00 |
| Misc. Income | 13,235.00 | 113,614.00 |
| Transfer Fromm Reserved Fund | 8,44,169.87 | 3,457,015.85 |
| Total | **12,967,695.77** | **17,551,274.01** |

Place: Ahmedabad

Date: 10-07-2017

Falgun Sheth

Managing Trustee Shaishav

For Dilip R. Shah & Co.

Chartered Accountants

(Dilip R. Shah, Proprietor)

# સ્વૈચ્છીક સંસ્થાઓ ની વિશ્વસનીયતા માટે ધારાધોરણોનો અમલ

| વિગત | અમલ |
|---|---|
| **(A) નોંધણી** | |
| • સંસ્થાનું નામ | શૈશવ |
| • રજી. સરનામું | આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામું | બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ,<br>ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧ |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ)રજીસ્ટેશન | HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | દેના બેંક – ડોન બ્રાંચ, ભાવનગર<br>આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | દેના બેંક – ડોન બ્રાંચ, ભાવનગર |
| **(B) સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા** | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ | સ્પષ્ટ અને દઢ રજૂઆત |
| • અહેવાલમાં રજૂઆત | |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા | સભાન પ્રયત્નો |
| • બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | |

| | |
|---|---|
| **(C) વહીવટ અને સંચાલન**<br>**સંચાલક મંડળના સભ્યો/ટ્રસ્ટીઓ** | • ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે<br>• ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો<br>• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.<br>• બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી<br>• વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઈ હતી<br>• સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક<br>• કાર્ય માટે માસિક રૂા. ૪૫,૦૦૦/- લેખે માનદવેતન<br>• ચૂકવવામાં આવ્યું છે. |
| **(D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો,**<br>**સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ** | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ<br>• કાર્યની વહેંચણી  જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ,<br>• ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ<br>• બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા |
| **(E) કાર્યકારી સલાહકાર જૂથ**<br>**સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન** | • રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.<br>• સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.<br>• સંસ્થાના કાર્યકરો માટેની નીતિ  નિયમોની માર્ગદર્શિકા છે.<br>• બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.<br>• એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ<br>• મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે. |

## (F) માનવ સંસાધન

- વેતન ધોરણો
- હાલના કાર્યકરો

- અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં

પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૭ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૫૦૦૦ થી નીચે | - | ૫ | ૩ | ૨ | ૫ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૧૩ | ૧ | ૫ | ૯ | ૧૪ |
| ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૭ | - | ૬ | ૧ | ૭ |
| ૧૫,૦૦૦ થી વધુ | ૫ | - | ૩ | ૨ | ૫ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | પુરુષ | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૭ | ૫ | ૧૨ |
| ૩ થી ૫ વર્ષ | ૨ | ૨ | ૪ |
| ૫ થી ૧૦ વર્ષ | ૪ | ૪ | ૮ |
| ૧૦ થી વધુ વર્ષ | ૪ | ૩ | ૭ |
| કુલ | ૧૭ | ૧૪ | ૩૧ |

- નિમણૂંક પત્રો
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો
- પર્સનલ એકસીડન્ટ પોલીસી
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ

- તમામને આપવામાં આવે છે.
- નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ દ્વારા કાર્યકરો વચ્ચે સંઘભાવના, પરિવારભાવના અને વિકાસના પ્રયત્નો આધારે સમિતિની રચના થઈ છે.

- મીટીંગો

- દર અઠવાડીયે કો ઓર્ડિનેશન મીટીંગ
- દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
- લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ

ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ

- ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન
- ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો

| | |
|---|---|
| | • રસ  રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે. |
| **(G) જવાબદેહીતા અને પારદર્શિતા**<br>• પ્રકાશનો<br>• વાર્ષિક અહેવાલ<br>• વાર્ષિક હિસાબો<br>• 'નિસ્બત' મુખપત્ર<br>• વેબસાઈટ | • દર વર્ષે પ્રકાશિત થાય છે.<br>• દર વર્ષે પ્રકાશિત થાય છે.<br>• દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે.<br>• સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અદ્યતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ**<br>• બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા<br>• હિસાબી પદ્ધતિ<br>• નાણાંકીય લેવડ  દેવડ | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે.<br>• સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં<br>• દરેક નાણાંકીય લેવડ  દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ<br>• ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે.<br>• દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક  ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થામાં જે તે પ્રોજેક્ટ ગ્રાંટ હેઠળ તેમજ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |

શૈશવ

અમારી દ્દષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...

અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.


**ટ્રસ્ટી મંડળ**

૧. શ્રી ફાલ્ગુન શેઠ
૨. શ્રી પારૂલ શેઠ
૩. શ્રી નિમિષા દેસાઈ
૪. ડો. પંકજ શાહ
૫. ડો. એસ. શ્રીધર
૬. શ્રી અનિતા શાહ
૭. શ્રી સંજય દેસાઈ
૮. ડો. અમી ત્રિવેદી
૯. શ્રી સંગીતા ગરત
૧૦. ડો. પારસ મહેતા
૧૧. શ્રી જતીન જલુંધવાલા



સંસ્થા કાર્યાલય : શૈશવ

બ્લોક નં.૩, બીજે માળે, બી-વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : info@shaishavchildrights.org
Web. : www.shaishavchildrights.org

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે,
થલતેજ રોડ, અમદાવાદ.


- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.
- ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા પ્રમાણિત સંસ્થા (હાલ રીન્યુઅલ પ્રક્રિયા ચાલુ છે)

## નાના નાના બાળ

ભલે નાના નાના બાળ અમે આજે રે, કાલ (૨).
અમે મોટા થાશું ને જગ દોરશું,
ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બની જીવતર જીવશું... અમે.
ઊચનીચ ભેદો આ દુનિયા ના ટાળવા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા
બધી શકિત અમારી વિશ્વ ચરણે ધરશું... અમે.
જગના અંધારાને દૂર દૂર હાંકવાં,
સાચા તે જ્ઞાનના દીવા પ્રગટાવવા
અમે જાતે સળગી ઘેર ઘેર ઘુમશું... અમે.
પૈસાના જોરે આજે માનવી મપાય છે,
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે
કરી સર્વોદય સાચો સમાજ રચીશું... અમે.



**જીવીએ ત્યાં સુધી શીખીએ**

શ્રી રામકૃષ્ણ પરમહંસ